RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 99, Dt.05-07-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દેશમાં 'બેકારી' વિકાસ કરીને ૮ મહિનાની ટોચે પહોંચી

## જૂન માસમાં આ દર ૯.૨૦ ટકા હતોઃ ગામડામાં ૩.૧ બેરોજગાર વધ્યાઃ શહેરોમાં પણ સ્થિતિ બગડીઃ પુરુષોની સરખામણીએ મહિલા બેરોજગારની ટકાવારીમાં નોંધપાત્ર વધારો



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મેમાં સાત ટકા રહ્યા બાદ દેશમાં બેરોજગારીનો આંક વિતેલા જૂનમાં વધી ૯.૨૦ ટકા રહ્યો છે. ગયા મહિને બેરોજગારીનો આંક આઠ મહિનાની ઊંચી સપાટીએ રહ્યો હતો. ગયા વર્ષના જૂનમાં આ આંક ૮.૫૦ રહ્યો હતો એમ સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમીના ડેટા જણાવે છે. પુરુષોનીસરખામણીએ મહિલા બેરોજગારની ટકાવારીમાં નોંધપાત્ર વધારો થયો છે.

કન્ઝયૂમર પિરામિડસ હાઉસહોલ્ડ સર્વે જે સેન્ટર સમયાંતરે હાથ ધરે છે તેના આધારે બેરોજગારીના ડેટા મેળવવામાં આવ્યા છે. રોજગાર મેળવવા ઈચ્છતા હોય પરંતુ રોજગાર ધરાવતા ન હોય તેવા કર્મચારીબળને બેરોજગાર તરીકે ગણવામાં આવે છે.

એકંદર બેરોજગારોમાં મહિલા બેરોજગારની ટકાવારી ૧૮.૫૦ ટકા હતી જે ગયા વર્ષના જૂનમાં ૧૫.૧૦ ટકા જોવા મળી હતી. પુરુષોમાં બેરોજગારીની ટકાવારી ૭.૮૦ ટકા રહી હતી જે ૨૦૨૩ના જૂનમાં ૭.૭૦ ટકા હતી.

ગ્રામ વિસ્તારમાં બેરોજગારીનો આંક સતત ઊંચો જોવા મળ્યો છે. ગયા વર્ષના જૂનમાં ૮.૮૦ ટકાની સરખામણીએ વર્તમાન વર્ષના જૂનમાં ગ્રામ્ય બેરોજગારીનો આંક ૯.૩૦ ટકા રહ્યો હતો. જે મેમાં ૬.૩૦ ટકા જોવા મળ્યો હોવાનંર પણ સેન્ટરના આંકડા જણાવે છે. ગ્રામ્ય વિસ્તારમાં પુરુષ બેરોજગારોની સંખ્યા ૮.૨૦ ટકા જ્યારે મહિલાઓમાં આ આંક ૧૭.૧૦ ટકા રહ્યો છે.

શહેરી વિસ્તારોમાં બેરોજગારીનો આંક જે મેમાં ૮.૬૦ ટકા હતો તે જૂનમાં સાધારણ વધી ૮.૯૦ ટકા રહ્યો છે. શહેરી વિસ્તારોમાં મહિલા બેરોજગારની ટકાવારી વધી ૨૧.૩૬ ટકા રહી હોવાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

૧૪:૨૯, ૦૫/૦૭/૨૦૨૪ છ્ષયતવ ળફવયફિ: ઊંચા લેબર પાર્ટિસિપેશન રેટ (એલપીઆર) વચ્ચે બેરોજગારીના દરમાં વધારો જોવા મળી રહ્યો છે. જે લોકો કામ કરે છે અથવા કામ કરવા ઈચ્છે છે અને કામ કરવાની વય ધરાવતા (૧૫ વર્ષ કે તેથી વધુ) લોકોમાંથી રોજગાર શોધતા હોય તેને એલપીઆર કહેવામાં આવે છે. એલપીઆર સાધારણ વધી ૪૧.૪૦ ટકા રહ્યો છે. જે ૨૦૨૩ ના જૂનમાં ૩૯.૯૦ ટકા રહ્યો હતો.

# રાજ્યના અનેક વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હવામાન વિભાગે આજે રાજ્યના ૧૪ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ આપ્યું છે. જેને પગલે ઉત્તર-મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં વહેલી સવારથી જ મેઘમહેર થઈ રહી છે. સુરતમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. જેથી રસ્તા પર નદીઓ વહેતી હોય તેવું જોવા મળી રહ્યું છે. તો નવસારી, વલસાડ સહિતમાં પણ ધોધમાર વરસાદ વરસ્યો હતો.બીજી તરફ આજે સવારે ૬ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધીમાં રાજ્યના ૬૮ તાલુકામાં વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગે રાજ્યમાં આજે ૧૪ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ આપ્યું છે જ્યારે ૧૩ જિલ્લામાં યલો એલર્ટ આપ્યું છે. ઉત્તર-મધ્ય અને દક્ષિણમાં ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા છે. જ્યારે સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં તેમજ મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લામાં હળવાથી ભારે વરસાદ વરસી શકે છે.

અમરેલી જિલ્લામાં ત્રણ દિવસના વિરામ બાદ ફરી આજે વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ધારી પંથકના ગ્રામ્ય



વિસ્તારોમાં વહેલી સવારથી વરસાદી ઝાપટાં પડ્યા હતા. ધારી, ઝર, મોરઝર, છતડીયા, ખીચા સહિતના ગામોમાં પણ ધીમીધારે વરસાદ વરસ્યો હતો. સાવરકુંડલા શહેરમાં પણ આજે વરસાદ વરસ્યો છે.

નવસારી શહેર સહિત જિલ્લામાં આજે મેઘરાજા મન મૂકીને વરસ્યા હતા. જેથી રસ્તા પર વરસાદી પાણી ફરી વળ્યા હતા.

ગિરિમથક સાપુતારામાં વરસાદી માહોલના કારણે વિઝિબ્લિટીમાં ઘટાડો જોવા મળ્યો છે.

# બ્રિટનમાં ૧૪ વર્ષ બાદ ફરી લેબર પાર્ટી સત્તાના સૂત્રો સંભાળશે

## સ્ટાર્મર બનશે નવા વડાપ્રધાનઃ સુનકે આપ્યુ રાજીનામુ

**મુખ્ય સમાચાર, લંડન**

બ્રિટનમાં સામાન્ય ચૂંટણીના પરિણામો આવવાનું શરૂ થઈ ગયું છે, ગઈકાલે કરોડો મતદારોએ નવી સરકાર પસંદ કરવા માટે મતદાન કર્યું હતું. બ્રિટનમાં સત્તા કોના હાથમાં જશે તે અંગે આજે નિર્ણય લેવામાં આવશે. સર્વે પોલ મુજબ ઋષિ સુનકની કન્ઝર્વેટિવ પાર્ટીની ૧૪ વર્ષની સત્તા લેબર પાર્ટીના હાથમાં જતી દેખાઈ રહી છે. છેલ્લા અહેવાલ મુજબ ૬૫૦માંથી ૪૮૪ના ટ્રેન્ડ / વિજયમાંથી લેબર પાર્ટી ૩૩૮ બેઠક પર જીત - આગળ છે. જ્યારે ૭૨ પર સુનકનો પક્ષ વિજય થયો છે



અથવા આગળ છે. અન્યો ૭૬ પર આગળ છે.

યુકેની ચૂંટણી માટે શુક્રવારે મત ગણતરી ચાલુ છે. એક્ઝિટ પોલ અનુસાર મુખ્ય વિપક્ષી લેબર પાર્ટી જંગી જીત તરફ આગળ વધી રહી છે. પ્રારંભિક પરિણામોમાં, લેબર પાર્ટીએ ૩૧૮ બેઠકો જીતી છે જયારે સત્તારૂઢ કન્ઝર્વેટિવ પાર્ટી અત્યાર સુધી માત્ર ૬૭ બેઠકો જીતવામાં સફળ રહી છે. અત્યાર સુધીમાં ૬૫૦માંથી ૪૫૪ બેઠકો માટે પરિણામ જાહેર થઈ ચૂક્યા છે.

અત્યાર સુધીમાં, લિબરલ ડેમોક્રેટ્સે ૩૨ બેઠકો જીતી છે, સ્કોટિશ નેશનલ પાર્ટીએ ચાર બેઠકો જીતી છે અને રિફોર્મ યુકેએ ચાર બેઠકો જીતી છે. જયારે ગ્રીન પાર્ટી અત્યાર સુધી માત્ર એક જ સીટ જીતવામાં સફળ રહી છે.

સામાન્ય ચૂંટણીમાં પાર્ટીના ખરાબ પ્રદર્શન વચ્ચે વડાપ્રધાન ઋષિ સુનકે પોતાની હાર સ્વીકારી લીધી છે. તેણે પોતે આ હારની જવાબદારી લીધી છે. તેણે કહ્યું કે હું આ હારની જવાબદારી લઉં છું અને કીઅર સ્ટારરને જીત માટે અભિનંદન આપું છું.

સ્કોટલેન્ડમાં પણ લેબર પાર્ટીની જંગી જીતની શક્યતાઓ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર લેબર પાર્ટી ત્યાં ૩૦થી વધુ સીટો જીતી શકે છે. લેબર પાર્ટીના સ્કોટિશ નેતા અનસ અનવરે કહ્યું કે અમને વિશ્વાસ છે કે અમને સ્કોટલેન્ડમાં પણ બહુમતી મળશે. આ પરિવર્તનનો સમયગાળો છે. અમારી પ્રથમ પ્રાથમિકતા કન્ઝર્વેટિવ સરકારના ૧૪ વર્ષના શાસનને સમાપ્ત કરવાની છે.

# હાર્ટ એટેકના ખતરાથી બચવા લોકોએ એલડીએલ કોલેસ્ટ્રોલ ૧૦૦થી નીચે રાખવું જરૂરી

## કાર્ડીયોલોજીકલ સોસાયટી ઓફ ઈન્ડિયાએ જાહેર કરી ગાઈડ લાઈન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાર્ડીયોલોજીકલ સોસાયટી ઓફ ઈન્ડીયાનું કહેવુ છેકે નોર્મલ લોકોએ એલડીએલ કોલેસ્ટ્રોલનાં સ્તરને ૧૩૦ નહીં ૧૦૦ થી નીચે રાખવુ પડશે.ત્યારે હાર્ટની બિમારીથી બચી શકાશે પણ જેમને પહેલાથી જ હાર્ટની બિમારી છે બ્લોકેજ છે. તેમણે એલડીએલ લેવલ ૫૫ મીલીગ્રામ/ડીએલથી નીચે રાખવુ પડશે.

લિપિડ ગાઈડ લાઈન્સનાં પ્રેસીડેન્ટ અને ગંગારામમાં કાર્ડીયોલોજી વિભાગનાં પ્રમુખ ડો.જે.પી.એસ.સાહનીએ જણાવ્યું હતું કે સામાન્ય વસ્તીમાં જેમની સાથે રિસ્ક ફેકટર નથી આવતું, તેમણે એલડીએલજી સ્તર ૧૦૦ મિલીગ્રામ/ડીએલથી નીચે અને નોન એચડીએલસીનું લેવલ રાખવુ



જોઈએ જે લોકો ખૂબ જ હાઈ રીસ્કમાં આવે છે.

જેમને હાર્ટ એટેક આવી ચૂકયો છે ક્રોનિક કિડનીની બીમારી છે તેના માટે ગાઈડ લાઈન પણ સખ્ત છે. આવા દર્દીઓએ એલડીએલસી ૫૫ થી નીચે અને નોન એચડીએલનું લેવલ ૮૫ સુધીનો ટાર્ગેટ રાખવો જોઈએ

આનું કારણ જેનેરીક (વારસાગત) હોઈ શકે છે આવા લોકોએ ૧૮ વર્ષની ઉંમરે લિપિડ પ્રોફાઈલની તપાસ કરાવવી જોઈએ. જો અનકન્ટ્રોલ્ડ હોય તો એ સમયથી જ તેના પર ધ્યાન આપવુ જોઈએ. આવા લોકોએ એકવાર લિયો પ્રોટીન (એ)ની તપાસ કરાવવી જોઈએ અને તેનું સ્તર ૫૦ થી નીચે હોવુ જોઈએ.

હાર્ટ એટેકના ૫ રિસ્ક ફેકટરમાં બીપી, ડાયાબીટીસ, હાઈ કોલેટ્રોલ, સ્મોકીંગ, કમર પાસે 'સ્થુળતા' એટલે કે સેન્ટ્રલ ઓબેસીટી હોવુ સામેલ છે. હવે સવાલ છે કે કેવી રીતે કાળજી રાખવી. એમ્સનાં ડો.એસ.રામાકૃષ્ણને કહ્યું હતું કે લાઈફ સ્ટાઈલમાં ફેરફાર અને નિયમીત કસરત કરવી જોઈએ.

# બજેટમાં PF અંગે મોટી જાહેરાત થવાની શક્યતા, લાખો કર્મચારીઓને થશે અસર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રની એનડીએ સરકાર બજેટ ૨૦૨૪-૨૫ રજૂ કરવાની તૈયારી શરૂ કરી દીધી છે. આશા છે કે, આગામી ૨૨ જુલાઈના સંસદમાં બજેટ રજૂ કરી શકે છે, જો કે, હજી તારીખ નિશ્ચિત થઈ નથી. પરંતુ લોકોને અપેક્ષા છે કે, સરકાર મધ્યમ વર્ગ, નોકરિયાત વર્ગને ધ્યાનમાં રાખી બજેટ રજૂ કરી શકે છે.

એક મીડિયા રિપોર્ટ અનુસાર, કર્મચારી ભવિષ્ય નિધી સંગઠન (EPFO) કર્મચારીઓની પગાર મર્યાદામાં વધારો કરી શકે છે. કેન્દ્રિય નાણાં મંત્રાલય એક દાયકા સુધી આ મર્યાદા રૂ. ૧૫૦૦૦ કર્યા બાદ હવે તેમાં વધારો કરવા વિચારી શકે છે. અપેક્ષા છે કે, સરકાર આ મર્યાદા વધારી રૂ. ૨૫ હજાર કરી શકે છે. જેના માટે શ્રમ અને રોજગાર મંત્રાલયે પ્રસ્તાવ તૈયાર કર્યો છે.

પ્રોવિડન્ટ ફંડ (પીએફ) એ કેન્દ્ર સરકાર દ્વારા સમર્થિત બચત અને રિટાયરમેન્ટ ફંડ છે. જેમાં સામાન્ય રીતે નોકરિયાત વર્ગ અને તેના એમ્પ્લોયર



દ્વારા યોગદાન આપવામાં આવે છે. જેનો ઉદ્દેશ કર્મચારોને તેમના રિટાયરમેન્ટ દરમિયાન ફાઈનાન્સિયલ સિક્યુરિટી ઉપલબ્ધ કરાવવા માગે છે. જેથી કર્મચારીઓ માટે સૌથી સુરક્ષિત અને ટેક્સ અસરકારક નિવૃત્તિના લાભો પણ મળે છે. ઉલ્લેખનીય છે, પ્રોવિડન્ટ ફંડ મર્યાદા હાલ રૂ. ૧૫ હજાર છે. જે ૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ રૂ. ૬૫૦૦ વધારવામાં આવી હતી.

૧. કેન્દ્ર સરકાર પગારદારોને સોશિયલ સિક્યુરિટી સ્કીમ છે.

૨. આ સ્કીમમાં ભાગ લેવા માટે ફરિજ્યાતપણે તમારો પગાર રૂ. ૧૫૦૦૦ પ્રતિ માસ હોવો જરૂરી છે.

૩. જો તમે નોકરી કરો છો, તો તમારી કંપની તમારા પગારનો અમુક હિસ્સો પીએફ માટે જમા કરે છે.

૪. કેન્દ્ર સરકારના પીએફ ફંડમાં આ રકમ જમા થાય છે, જે જરૂરિયાત સમયે વ્યાજ સહિત તમને વળતર આપે છે.

૫. કંપની તમને ઈપીએફ એકાઉન્ટ નંબર આપે છે. આ એકાઉન્ટ નંબર પણ તમારા માટે બેન્ક એકાઉન્ટની જેમ છે. જેમાં તમે જમા રકમ જોઈ શકો છો, અને ભવિષ્યમાં ઉપાડ પણ કરી શકો છો.

પગારદારના પગારમાંથી પીએફ માટે રકમ ઈપીએફઓ એક્ટ અંતર્ગત જમા થાય છે. જેમાં કર્મચારીના પીએફ એકાઉન્ટમાં પગારના ૧૨ ટકા હિસ્સો જમા થાય છે. જેમાં કંપની તરફથી ૩.૬૭ ટકા યોગદાન સામેલ છે. જ્યારે પગારદારના પગારમાંથી ૮.૩૩ ટકા રકમ પેન્શન સ્કીમમાં જમા થાય છે.

# વિશ્વ વિજેતા ભારતીય ટીમનું હૃદયના ઉમળકાથી સ્વાગત







**મુખ્ય સમાચાર મુંબઈ**

મુંબઈના દરિયા કાંઠે આવેલા મરીન ડ્રાઈવથી વાનખેડે સ્ટેડિયમ સુધી આજે આહલાદક વાતાવરણની સાથે ટી૨૦ વર્લ્ડકપમાં જીતનો અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભારતીય ક્રિકેટરોની ટીમે મરીન ડ્રાઈવથી વાનખેડે સ્ટેડીયમ સુધી ખુલ્લી બસમાં રોડ-શો કર્યો હતો. આ દરમિયાન ચોતરફ ચાહકોની કિયારીઓ ઉભરાઈ હતી. ટીમ ઈન્ડિયાના ખેલાડીઓએ સ્ટેડિયમ પહોંચ્યા બાદ અહીં ડાન્સ પણ કર્યો હતો. આ દરમિયાન ભારતીય ટીમના કોચ રાહુલ દ્રવિડ, સુકાની રોહિત શર્મા, વિરાટ કોહલી સહિતના ખેલાડીઓએ પોતાના પ્રતિભાવો રજુ કર્યા હતા.

ભારતને ટી૨૦ વર્લ્ડકપ જીતાડવામાં મહત્વનું યોગદાન આપનાર કોચ રાહુલ દ્રવિડે પોતાના અનુભવને યાદ કરી કહ્યું કે, 'હું આ પ્રેમને મિસ કરીશ. આજે આપણે જે જોયું તે અદ્ભુત છે. લોકો અને ચાહકોનો પ્રેમ... ચાહકોએ જ ક્રિકેટને દેશની સૌથી મોટી રમત બનાવી છે.'

રોહિત શર્માએ છેલ્લી ઓવરમાં હાર્દિક પંડ્યાની બોલિંગના વખાણ કરતા કહ્યું કે, 'તેને સલામ' તેણે ડેવિડ મિલરનો કેચ પકડનાર સૂર્યકુમાર યાદવની પણ પ્રશંસા કરી હતી. તેણે T20 વર્લ્ડ કપની જીત સમગ્ર ટીમને સમર્પિત કરી કહ્યું કે, ભારતની T20 વર્લ્ડ કપ જીત ટીમના પ્રયાસોનું પરિણામ છે. ભારતને આઈસીસીનો ખિતાબ જીતાડવામાં બધાએ પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે.

વાનખેડે સ્ટેડિયમમાં રોહિત શર્માએ દરેકનો આભાર વ્યક્ત કરી કહ્યું કે, 'જ્યારથી અમે ભારતમાં આવ્યા છીએ ત્યારથી અદ્ભુત ખુશી થઈ રહી છે. આ ટ્રોફી સમગ્ર દેશ માટે છે. વડાપ્રધાનને મળવું એ ખૂબ જ સન્માનની વાત હતી. ટીમ અને BCCI વતી હું દરેકનો આભાર માનું છું. હું ખરેખર ખૂબ જ ખુશ અને રાહત અનુભવું છું.'

મુંબઈના મરીન ડ્રાઈવ પર ક્રિકેટરોની ઝલક મેળવવા બહોળી સંખ્યામાં ચાહકો આવ્યા છે. તો બીજીતરફ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડએ અહીં ઉમટેલી જનમેદનીનો પોટો પણ શેર કર્યો છે.


ટીમ ઈન્ડિયાની એક ઝલક માટે મુંબઈના રસ્તાઓ પર ભારે ભીડ ઉમટી છે. ખાસ કરીને મરીન ડ્રાઈવમાં હજારોની સંખ્યામાં ભીડ એકઠી થઈ ગઈ છે, ત્યારે મરીન ડ્રાઈવ ખાતે એકત્ર થયેલા ક્રિકેટ ચાહકોએ એમ્બ્યુલન્સને ભીડમાંથી પસાર થવા માટે રસ્તો બનાવ્યો હતો.

ટી ૨૦ વર્લ્ડકપ જીત્યા બાદ આજે મુંબઈમાં ટીમ ઈન્ડિયાની વિક્ટરી પરેડ યોજાઇ રહી છે. ત્યારે લાખોની સંખ્યામાં લોકો વાનખેડે તથા મરીન ડ્રાઈવની આસપાસ એકત્રિત થયા છે. એવામાં મુંબઈ પોલીસ દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે કે હવે કોઈ મરીન ડ્રાઈવ તરફ પ્રવાસ કરે નહીં.

ભારતીય ટીમ મુંબઇ એરપોર્ટ પર લેન્ડ કરી ચૂકી છે. BCCI મુજબ, વિજય પરેડ સાંજે ૫ વાગ્યે શરૂ થવાની હતી, પરંતુ ફ્લાઇટ મોડી થવાને કારણે આ કાર્યક્રમના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને હવે થોડી દેર બાદ વિજય પરેડ શરૂ થવા જઇ રહી છે.

ભારતીય ટીમ થોડીક વારમાં એરપોર્ટ પરથી નીકળવા જઇ રહી છે. વિક્ટ્રી પરેડ માટે ભારતીય ટીમ મરીન ડ્રાઇવ પહોંચવા વાળી છે. જ્યાં ભારે સંખ્યામાં ભારતીય ટીમના ચાહકો હાજર છે. વાનખેડે સ્ટેડિયમમાં ભારતીય ટીમ એક નાના કાર્યક્રમમાં ભાગ લેશે ત્યાં પણ ચાહકોનો ભારે જમાવડો થયો છે.ભારતીય ટીમની જીત પર જાણે કુદરત પણ ઝૂમી રહી છે. ભારતીય ટીમના મુંબઇ પહોંચ્યા બાદ ભારે વરસાદ શરૂ થઇ ગઇ છે, છતાં મરીન ડ્રાઇવ પર લાખો લોકોનો જમાવડો થયો છે અને સૌ ભારતીય ટીમની વિક્ટ્રી પરેડ શરૂ થવાની રાહ જોઇ રહ્યા છે.ભારતીય ખેલાડીઓ મુંબઇ એરપોર્ટથી નીકળી ગયા છે અને ટુંક સમયમાં તેઓ તેમની ઓપન બસમાં જોવા મળશે.

# જામનગરમાં મચ્છરજન્ય રોગચાળો અટકાવવા તંત્ર સતર્ક હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ હાથ ધરાયુ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની આરોગ્ય શાખાની યાદી જણાવે છે કે હાલ વર્ષાૠતુ શરૂ થઈ ગયેલ છે, ત્યારે શહેરમાં લોકોના ઘરોની છત પર, નકામા પડી રહેલ ભંગારમાં અને નાના મોટા ખાડા ખાબોચિયામાં વરસાદી પાણીનાં ભરવાના કારણે મચ્છરની ઉત્પત્તિમાં વધારો થવાની શક્યતા રહેલ છે, જેનાથી મચ્છરજન્ય રોગો જેવાકે મેલેરિયા, ડેન્ગ્યુ અને ચીકુનગુનિયાનાં કેસોમાં પણ વધારો થવાની શક્યતા રહેલી છે. જે માટે શહેરમાં ૧૨ આરોગ્ય કેન્દ્ર પર વાહકજન્ય રોગ અટકાયત અંગેની કામગીરી ચાલુ છે, જેમાં હાઉસ ટુ હાઉસ સર્વે, લોકોમાં વાહકજન્ય રોગ પ્રત્યે જાગૃતિ લાવવાનાં કાર્યો, એબેટ કામગીરી, ઈન્ટ્રા ડોમેસ્ટિક એન્ટી લાર્વલ સર્વેલન્સ કામગીરી વગેરે જેવા વિવિધ રોગ અટકાયતી કામગીરી થઇ રહેલ છે. જેમાં શહેરીજનોનો પુરતો સહકાર મળી રહે તે બાબત ખુબજ અગત્યની છે. આ મચ્છરજન્ય રોગોને નિયંત્રિત કરવા માટે દરેક શહેરીજનોને નીચે મુજબની અપીલ કરવામાં આવે છે. ઘરમાંથી તેમજ ઘરની આસપાસ ભરાયેલા પાણીમાંથી મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય તે માટે ખુલ્લામાં પડી રહેલ ટાયર, નકામો ભંગાર વગેરેમાં વરસાદનું પાણી ભરાવાથી મચ્છરની ઉત્પત્તિ તથા મચ્છરજન્ય રોગો જેવા કે ડેન્ગ્યુ, ચીકુનગુનિયા અને મેલેરિયાનાં ફેલાવાની શક્યતા વધી જવા પામે છે. આથી જામનગર શહેરનાં ટાયરનાં વિક્રેતાઓ, ટાયર - પંચરનાં ધંધાર્થીઓ, ભંગારનાં વેપારીઓ વગેરેએ ત્વરિત ધોરણે ખુલ્લામાં પડી રહેલ ટાયર, ભંગાર વગેરેનો નિકાલ કરવા કે શેડ વાળી જગ્યા પાણી ભરાય ન રહે તે રીતે માં મૂકી દેવા જણાવવામાં આવે છે. રહેણાંક, દુકાનો અને કોમર્શિયલ કોમ્પલેક્ષ અને તેની આજુબાજુનાં વિસ્તારોમાં તથા સરકારી અને બિનસરકારી તમામ સંસ્થાઓને તેમના કેમ્પસ વિસ્તારો તથા કોમ્પલેક્ષનાં છત પર પ્રિ - મોનસૂન એક્ટીવીટી સબબ વરસાદી પાણી ભરાઈ ન રહેતે માટે, છત પર પડી રહેલ નકામો ભંગાર દુર કરાવી, સફાઈ કરાવી લેવા જાણશો અને વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા જાણશો શહેરના તમામ લોકોને અપીલ કરવામાં આવે છે કે ઘરની અંદર કોઈપણ પાણી ભરેલ પાત્ર ખુલ્લું ન રહે તે અંગે તકેદારી રાખવી. પાણી ભરેલા તમામ વાસણો હવાચુસ્ત ઢાંકણથી ઢાંકી રાખવા. પાણીની ટાંકીઓ, ફૂલદાનીઓ, પક્ષીકુંજ, કુલર - ફ્રીજની ટ્રે વગેરે અઠવાડિયામાં એક વખત અચૂક સાફ કરો. પાણીના નાના ખાડા - ખાબોચિયામાં ભરાયેલ વરસાદી પાણી વહેવડાવી દો કે માટીથી પૂરી દો. મોટા પાણીના ભરાવામાં બળેલું ઓઈલ કે કેરોસીન નાંખવું જેથી મચ્છર ઉત્પતિ પર નિયંત્રણ લાવી શકાય. અગાસી, છજ્જા, પાર્કિંગની જગ્યા, સેલરમાં ભરાઈ રહેલ પાણીનો તાત્કાલિક નિકાલ કરવો. ચોમાસામાં નકામાં ટાયરો, ખાલી વાસણો કે ધાબા પરના ડબ્બા તથા અન્ય ભંગારમાં વરસાદી પાણી ભરાવા ના દો. મચ્છરોનાં કરડવાથી બચવા માટે દિવસે અને રાત્રે મચ્છરદાનીનો ઉપયોગ કરો, આખી બાયના કપડાં પહેરો અને મચ્છર ભગાડવાની કોઈલ, ક્રીમ વગેરેનો ઉપયોગ કરો. ડ્રાય ડે ઉજવો દર અઠવાડિયે એકવાર સવારે ૧૦:૦૦ કલાકે ૧૦:૦૦ મીનીટનો સમય કાઢીને ઘરમાં ઉપયોગમાં લેવાતા તમામ પાણીનાં પાત્રોને ખાલી કરી, ઘસીને સાફ કરી, સુકવ્યા બાદ ફરીથી ઉપયોગમાં લેવા.

# જામનગર સહિત ત્રણ રાજ્યમાં ૨૮ ગુન્હા આચરનાર ગેંગ ઝડપાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના રણજીત સાગર રોડ પર આવેલી આશીર્વાદ સોસાયટી તેમજ સાંઈબાબાના મંદિર નજીકની સોસાયટીમાં ઘરફોડ ચોરી થઈ હતી. તે ઉપરાંત મારૂતી રેસીડેન્સી અને શ્રીનાથજી પાર્કમાંથી બાઈકની ચોરી થઈ હતી. જીઆઈડીસી નજીક સ્વામીનારાયણ ટાઉનશીપમાં બંધ મકાનના તાળા તૂટ્યા હતા અને લાખાબાવળ પાસે ધાનિષ બંગલામાં ચોરી કરવા ઘૂસેલા કોઈ શખ્સોએ બંગલા માલિક જાગી જતાં તેમના માથામાં ગંભીર ઈજા પહોંચાડી સોનાના દાગીના, રોકડની લૂંટ ચલાવી હતી. ઉપરોક્ત ગુન્હાઓની ફરિયાદ પોલીસમાં થયા પછી એલસીબી ટીમ તપાસમાં જોડાઈ હતી.તે દરમિયાન પીઆઈ વી.એમ. લગારીયાએ પીએસઆઈ આર.કે. કરમટા, પી.એન. મોરીના વડપણ હેઠળ જુદી જુદી ટીમની રચના કરી હતી. જેમાંથી પીએસઆઈ આર.કે. કરમટાના વડપણ હેઠળની ટીમના વનરાજ મકવાણા, ધાનાભાઈ, ક્રિપાલસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ એન. જાડેજા, કિશોરસિંહ પરમાર, કલ્પેશ મૈયડ અને ટેકનિકલ સેલના નિર્મળસિંહ, બળવંતસિંહ ટેકનિકલ તથા હ્યુમન રિસોર્ટનો ઉપયોગ કરી તપાસ કરી રહ્યા હતા જેમાં બેડીબંદર રોડ પર મહાકાળી સર્કલ નજીક કાળા રંગની અને નંબર વગરની અર્ટીગા મોટરમાં ત્રણ શખ્સ આવ્યા હોવાની બાતમી મળી હતી. તેના આધારે ધસી ગયેલી ઉપરોક્ત ટીમે ત્યાંથી



રાજુ સુમલ પંચાલ ઉર્ફે ગુડીયા, દીપક સુમલ પંચાલ અને પ્રભુ જવરસિંગ બધેલ નામના ત્રણ શખ્સ મળી આવ્યા હતા.આ શખ્સોની અટકાયત કરી એલસીબી કચેરીએ પૂછપરછ શરૂ કરાઈ હતી. જેમાં આ શખ્સોએ રૂ. ૧ લાખ ૬ હજાર રોકડા, બે મોબાઈલ અને રૂ. ૧૨ લાખની અર્ટીગા મોટર કાઢી આપી હતી. સઘન બનાવાયેલી પૂછપરછમાં આ શખ્સોએ હાલમાં ૨૭ ગુન્હાની કબૂલાત આપી છે.એલસીબી સમક્ષ પોપટ બની ગયેલા ત્રણેય શખ્સે જણાવ્યા મુજબ મધ્યપ્રદેશના ધાર જિલ્લાના કુકશી તાલુકાના ઘોટીયાદેવ ગામના રાજુ ઉર્ફે ગુડીયા તથા તેના ભાઈ દીપક અને પ્રભુ બધેલે અન્ય બાર સાગરિતને સાથે રાખી છેલ્લા બેએક વર્ષમાં જામનગરની ઉપરોક્ત ચોરી ઉપરાંત કાલાવડના નિકાવા, સિક્કાની ટીપીએસ કોલોની અને જામનગર એરફોર્સ સ્ટેશનની દીવાલ ટપી બંધ મકાનના નકૂચા તોડી કુલ ૯ ચોરીને અંજામ આપ્યાની કબૂલાત આપવા ઉપરાંત ભૂજ, પ્રાગપર, માનકૂવા, ગાંધીગ્રામ, માનપર માધાપર તેમજ રાજકોટના પ્ર.નગર, ગાંધીગ્રામ વિસ્તારમાં અને મધ્યપ્રદેશના ધાર જિલ્લાના બાઘ પોલીસ સ્ટેશન ઉપરાંત ઈન્દૌરના ચંદનનગર, છત્રીપુર, ગંધવાની પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારોમાં ચોરી કર્યાની કબૂલાત આપી છે અને થોડા દિવસ પહેલાં ખંભાળિયા તાલુકાના વાડીનારમાં બે સોસાયટીમાં ચોરીઓ કર્યાની વિગતો ઓકી નાખી છે.

આ શખ્સોના સાગરિત સંજય ભંવરસિંગ પંચાલ, અનિલ ગુમાન મકવાણા, રામસિંગ કાલુસિંગ અજનારી, સુખરામ, દિનેશ અલાવા, જીતેન્દ્ર, સંતોષ, રાહુલ બઘેલ, વિશાલ મંડલોઈ, પ્રદીપ, રાજુ ઉર્ફે કેકડે બઘેલ, લાલુ ઈન્દ્રસિંગ મંડલોઈની એલસીબીએ શોધ શરૂ કરી છે. એલસીબીએ મોટર તેમજ રોકડ, મોબાઈલ મળી કુલ રૂ. ૧૩ લાખ ૧૬ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે.આ ગેંગના મુખ્ય સૂત્રધાર રાજુ ઉર્ફે ગુડીયાએ ૧૫થી વધુ સાગરિતોની ગેંગ બનાવી લૂંટ, ધાડ, અપહરણ, ઘરફોડ ચોરી, વાહન ચોરી જેવા ગુન્હાઓ ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાનમાં આચર્યા છે. આ શખ્સોએ સોના-ચાંદીના રૂ. ૪૦ લાખના દાગીના, રૂપિયા સાતેક લાખ રોકડા, લેપટોપ તથા મોટરસાયકલ મળી રૂપિયા ત્રણેક લાખની લૂંટ વગેરે મળી અત્યાર સુધીમાં રૂપિયા પચ્ચાસેક લાખથી વધુની રકમ ગુન્હાઓ આચરી મેળવી હતી.

જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુએ જણાવ્યું છે કે, આ ટોળકી એરફોર્સ, આર્મી જેવા સિક્યોર્ડ એરિયા ઉપરાંત જે સોસાયટીમાં સિક્યુરિટી ગાર્ડ હોય તેવી સોસાયટી ચોરી માટે પસંદ કરતી હતી. તે ઉપરાંત પોશ એરિયામાં પણ આ ટોળકીને ચોરી કરવાનું વધુ સવલતભર્યું લાગી રહ્યું હતું. જે સ્થળે ચોરી કરવાની હોય ત્યાં ત્રણથી ચાર સાગરિતો પ્લાન સાથે પહોંચી જતા હતા અને ચોરીને અંજામ આપી રફૂચક્કર થઈ જતાં હતા. આ આરોપીઓ સામે ધાર જિલ્લાના બાઘ પોલીસ સ્ટેશનમાં અપહરણ અને દુષ્કર્મનો ગુન્હો પણ વર્ષ ૨૦૧૯માં નોંધાયેલો છે. આ ટોળકી રાત્રિના સમયે બંધ મકાનના તાળા ગણેશીયા કે ડીસમીસ વડે તોડી નાખતા હતા અને તેમાં હથોડી, પક્કડ વગેરેનો પણ ઉપયોગ કરતા હતા. આ ટોળકીના અન્ય સાગરિતોની શોધ કરવામાં આવી રહી છે.આંતરરાજ્ય લૂંટ, ધાડ, ઘરફોડ ચોરી, અપહરણ, વાહન ચોરી જેવા ગુન્હા આચરનાર આ ટોળકીને પકડી પાડનાર એલસીબી ટીમને એસપી પ્રેમસુખ ડેલુએ અભિનંદન આપવા ઉપરાંત રૂ. ૫ હજારનું ઈનામ પણ જાહેર કર્યું છે

# જામનગર શહેરમાં વર્લીના આંકડા લેતો શખ્સ ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂએ પ્રોહી - જુગાર શોધી કાઢવા સુચના આપેલ હોય તેમજ નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ એન.ઝાલાના માર્ગદર્શન મુજબ. સીટી એ ડીવી પો.સ્ટે.ના પોલીસ ઈન્સપેકટર એન.એ.ચાવડાની સુચનાથી સર્વેલન્સ સ્કોડના માણસો પો.સબ.ઈન્સ .એમ.એન.રાઠોડ સાહેબ સાથે જામનગર સીટી એ ડીવી પો.સ્ટે વિસ્તારમા પ્રોહી જુગાર અંગે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કોન્સ . હીતેષભાઇ રાણાભાઇ સાગઠીયા તથા પો.હેડ.કોન્સ . શૈલેષભાઇ કાંતીલાલ ઠાકરીયાને મળેલ બાતમી હકીકત આધારે જામનગર, વીહાર હોટલ રસના ચીચોડા પાસે જાહેરમા એક ઇસમ વર્લી મટકાના આંકડા લખી લખાવી જુગાર રમી રમાડી પૈસાની હારજીત કરે છે. તેમવી હકીકતના આધારે રેઇડ કરતા આરોપી રોહીતભાઇ વીઠ્ઠલભાઇ બોરસરા જાતે ગોલારાણા ઉ.વ ૪૩ ધંધો વેપાર રહે. સેતવાડ રોડ શેઠફળી શેરી નંબર ૪ જામનગર વાળાને વર્લીમટકા ના આંકડા લખેલ ચીઠ્ઠી નંગ ૧ કી.રૂ. તથા બોલપેન નંગ - ૧ કી.રૂ. તથા રોકડા રૂ .૧૦,૫૬૦ મળી કુલ રૂ .૧૦,૫૬૦ ના મુદામાલ સાથે પકડી પાડી પો.કોન્સ . હીતેષભાઇ રાણાભાઇ સાગઠીયાએ ફરીયાદ આપી પોલીસ હેડ કોન્સ . શૈલેષભાઇ કાંતીલાલ ઠાકરીયાએ ધોરણસરની કાર્યવાહી કરેલ છે. આ કામગીરીમા પોલીસ ઇન્સ . એન.એ.ચાવડા તથા પો.સબ.ઇન્સ એમ.એન.રાઠોડ તથા એ.એસ.આઇ કે.પી.જાડેજા તથા પો.હેડ.કોન્સ . દેવાયતભાઇ રામાભાઇ કાંબરીયા તથા રવીરાજસિહ અનીરૂદ્ધસિહ જાડેજા તથા મહીપાલસિહ મયુરસિંહ જાડેજા તથા શૈલેષભાઇ કાંતીલાલ ઠાકરીયા તથા સુનિલભાઇ અરજણભાઇ ડેર તથા પો.કોન્સ . વિક્રમસિંહ ભરતસિંહ જાડેજા તથા રવીભાઇ ગોવીંદભાઇ શર્મા તથા યોગેન્દ્રસિહ નીરૂભા સોઢા તથા વિજયભાઇ બળદેવભાઇ કાનાણી તથા રાકેશભાઇ ભનુભાઇ ચૌહાણ તથા રૂષિરાજસિહ લાલુભા જાડેજા તથા ખોડુભા કનુભા જાડેજા તથા રાજેન્દ્રસિહ ધનશ્યામસિહ ડોડીયા તથા હીતેષભાઇ રાણાભાઇ સાગઠીયા દ્રારા કરવામા આવેલ છે

# હળવદના રાયસંગપર ગામે ચાલીને જતા સમયે ચક્કર આવી પાણીના ખાડામાં પડી ડૂબી જતા ખેતશ્રમીકનું મોત

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદ તાલુકાના રાયસંગપર ગામની સીમમાં નદીના કાંઠે ચાલીને આવી રહેલ ખેતશ્રમિકને અચાનક ચક્કર આવતા રસ્તાની બાજુમાં આવેલ પાણીથી ભરેલ ખાડામાં ઉંધા પડતા પાણીમાં ડૂબી જવાથી તેમનું મોત નિપજતા પરિવાર શોકમગ્ન થઈ ગયો હતો.

અપમૃત્યુના બનાવની પ્રાપ્ત વિગતો મુજબ હળવદ તાલુકાના રાયસંગપર ગામે અમૃતભાઈ હમીરભાઈ ચૌહાણની વાડીએ રહેતા મૂળ છોટાઉદેપર જીલ્લાના હમીરપુરા ગામના રહેવાસી પરેશભાઇ શંભુભાઇ નાયક ઉવ-૨૮ ગત તા.૦૪/૦૭ ના રોજ રાયસંગપર ગામ પાછળ નદીના કાઠે આવેલ સીમના રસ્તા ઉપર ચાલીને જતા હોય ત્યારે પરેશભાઇને અચાનક ચક્કર આવી જતા રસ્તાની બાજુમા આવેલ પાણી ભરેલ ખાડામા ઉધા પડતા ડુબી જવાથી તેમનું મૃત્યુ નિપજ્યું હતું. બનાવ બાદ મૃતક પરેશભાઈના મૃતદેહને હળવદ સરકારી હોસ્પિટલ ખસેડાયો હતો જ્યાં પોલીસે મૃત્યુના બનાવની અકસ્માતે મોતની નોંધ કરી વધુ તપાસ શરૂ કરી છે.

# જામનગરના દરેડ ગામમાં પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ અન્વયે સેમિનારનું આયોજન કરાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, જામનગરના માર્ગદર્શન હેઠળ DHEW દ્વારા પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ-૧૯૯૪ અન્વયે માર્ગદર્શક કાર્યકમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દરેડ, જામનગર ખાતે આયોજિત સેમિનારમાં હાજર લાભાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

તેમજ મહિલાલક્ષી યોજનાઓ જેવી કે વહાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, ગંગા સ્વરૂપા પુન:લગ્ન સહાય યોજના, મહિલા સ્વાવલંબન યોજના, સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ સ્ટેશન બેઇઝડ સપોર્ટ સેન્ટર, મહિલા પોલીસ સ્ટેશન, ૧૮૧ મહિલા હેલ્પલાઇન, નારી અદાલત વગેરે માહિતી DHEW ના સ્ટાફ ડીસ્ટ્રીક્ટ કો ઓર્ડીનેટર અલ્પાબેન રાઠોડ અને અસ્મીતાબેન સાદીયાએ આપી હતી. તેમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યુંછે.

# જામનગરમા કોલેરાનો વધુ એક કેસ નોંધાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નાં કેટલાક વિસ્તાર ને કોલેરા ભય ગ્રસ્ત જાહેર કરાયા છે.ત્યારે આજે ધરાર નગર વિસ્તાર નાં એક બાળક ને કોલેરા લાગુ પડતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.જામનગર ના અમુક વિસ્તારમાં કોલેરા નાં છ જેટલા કેસો જોવા મળ્યા હતા. આ તમામને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ



કરવામાં આવ્યા હતા. જો કે તેમની તબિયત સારી થતા તમામ છ દર્દીઓ ને હાલ રજા આપી દેવામાં આવી છે .પરંતુ કોલેરા કેસ વાળા વિસ્તાર ને જિલ્લા કલેકટર દ્વારા જાહેરનામું બહાર પાડી ને કોલેરા ગ્રાસત જાહેર કરી દેવામાં આવ્યો છે.બીજી તરફ ગાંધીનગર થી આરોગ્ય વિભાગ ની ટીમ પણ જામનગર દોડી આવી હતી. ત્યારે આજે વિસ્તારના એક બાળકને લાગુ પડતા સારવાર માટે ધરાર નગર વિસ્તાર નાં એક બાળક ને કોલેરા લાગુ પાડતા તેને જી.જી. હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યો છે. અને મહાનગરપાલિકાની આરોગ્ય સાહિત નાં વિવિધ વિભાગ દ્વારા આનુસંગિક કામગીરી હાથ ધરવામાં આવી છે.

# મોરબી એસપી રાહુલ ત્રિપાઠીની આગેવાનીમાં શાંતિ સમિતિની બેઠક યોજાઇ



**મુખ્ય સમાચાર, મોરબી**

ભગવાન જગન્નાથજીની રથયાત્રા અને મહોરમ પર્વ શાંતિથી ઉજવાય અને ભકતજનો દર્શનનો લાભ વ્યવસ્થિત રીતે લઈ શકે એ અંગે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથક ખાતે મોરબી એસપી રાહુલ ત્રિપાઠીની આગેવાનીમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી.

મોરબી એસપી રાહુલ ત્રિપાઠીની આગેવાનીમાં શાંતિ સમિતિની બેઠક યોજાઇ હતી. જેમાં મોરબી ડિવિઝન પીઆઈ એચ.એ જાડેજા દ્વારા એ ડિવિઝન પોલીસ મથક ખાતે હિન્દુ મુસ્લિમ સમાજના આગેવાનોને રથયાત્રા ના આયોજકોને બોલાવી મીટીંગ યોજી હતી. અષાઢીબીજના દિવસે કાઢવામાં આવતી પરંપરાગત મચ્છુ માતાજીની શોભાયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ એ માટે શાંતિ સમિતિની મીટીંગ યોજી હતી. જેમાં મોરબી એસપી રાહુલ ત્રિપાઠી દ્વારા આયોજકોને કોઈ તકલીફ હોય તો જણાવવા કહ્યું હતું. તેમજ આયોજકોને રથયાત્રા દરમિયાન આયોજકોને સ્વયંસેવકો માટે ડ્રેસ કોડ રાખવા અપીલ કરવામાં આવી હતી.

# મોરબી જલારામ મંદિર ખાતે સ્વ.મણીલાલ હાલાણી પરિવારના સહયોગથી યોજાયેલ વિનામુલ્યે નેત્રમણી-નેત્રયજ્ઞ કેમ્પમાં ૨૧૪ દર્દીઓએ લાભ લીધો

## અત્યાર સુધીના ૩૪ કેમ્પ માં કુલ ૧૦૪૮૩ લોકોનુ વિનામુલ્યે સચોટ નિદાન કરાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

સમગ્ર ગુજરાત ની નંબર ૧ આંખ ની હોસ્પીટલ શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પીટલ-રાજકોટ, શ્રી જલારામ પ્રાર્થના મંદિર-મોરબી તથા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ-મોરબી દ્વારા સર્વજ્ઞાતિય વિનામુલ્યે નેત્રમણી-નેત્રયજ્ઞ કેમ્પ દર મહીના ની ૪ તારીખે શહેર ના શ્રી જલારામ પ્રાર્થના મંદિર, અયોધ્યાપુરી રોડ, મોરબી ખાતે યોજાઈ રહ્યો છે. જે અંતર્ગત તા.૪-૭-૨૦૨૪ ગુરુવાર ના રોજ સવારે ૯ થી ૧ કલાક દરમિયાન વિનામુલ્યે કેમ્પ યોજાયો હતો. જેમા ૨૧૪ દર્દીઓએ કેમ્પ નો લાભ લીધો હતો તે ઉપરાંત ૧૦૨ લોકો ના નિ:શુલ્ક નેત્રમણી ઓપરેશન કરવા માં આવ્યા હતા. શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પીટલ ના ડો.બળવંતભાઈ,ડો. અલ્કેશભાઈ ખેરડીયા, ડો.કાનજીભાઈ, ડો.સુદામા, હેમુભાઈ પરમાર, આદમભાઈ,નિલેશભાઈ રાઠોડ દ્વારા આંખ ના દર્દી ઓ ની તપાસ કરવા મા આવી હતી તેમજ અત્યાધુનિક ફેકો મશીન દ્વારા ટાંકા વગર નુ સારા મા સારા સોફ્ટ ફોલ્ડેબલ લેન્સ (નેત્ર મણી) સાથે વિનામુલ્યે ઓપરેશન કરવા મા આવ્યુ



હતુ. ઓપરેશન માટે રાજકોટ જવા-આવવા ની વ્યવસ્થા તથા રહેવા, જમવા, ચા-પાણી, નાસ્તો, ચશ્મા, ટીપા વગેરે સુવિધા વિનામુલ્યે સંસ્થા દ્વારા વ્યવસ્થા કરવા મા આવી રહી છે.

પ્રવર્તમાન માસ નો કેમ્પ સ્વ.મણીલાલ મગનલાલ હાલાણી પરિવાર ના સહયોગથી યોજવા મા આવેલ હતો. અત્રે ઉલ્લેખનીય છે કે મોરબી જલારામ મંદિર ખાતે ગત ૩૩ માસ દરમિયાન યોજાયેલ નેત્રમણી કેમ્પ મા કુલ ૧૦૨૬૯ લોકોએ લાભ લીધેલ છે તેમજ કુલ ૪૬૨૪ લોકો ના વિનામુલ્યે સફળ નેત્રમણી ઓપરેશન કરવા મા આવેલ છે ત્યારે પ્રવર્તમાન માસે યોજાયેલ કેમ્પ મા કુલ ૨૧૪ લોકોએ લાભ લીધો હતો તેમજ ૧૦૨ લોકો ના વિનામુલ્યે નેત્રમણી ઓપરેશન કરવા માં આવ્યા હતા.કેમ્પ ને સફળ બનાવવા ગીરીશભાઈ ઘેલાણી, ભાવીનભાઈ ઘેલાણી,અનિલભાઈ સોમૈયા, જયેશભાઈ કંસારા, ચિરાગ રાચ્છ,અમિત પોપટ, નિર્મિતભાઈ કક્કડ, જયંતભાઈ રાઘુરા,રમણીકલાલ ચંડીભમર, નીરવભાઈ હાલાણી, પારસભાઈ ચગ, સંજય હીરાણી, કૌશલભાઈ જાની, હીતેશ જાની,મુકુંદભાઈ મીરાણી, કીશોરભાઈ ઘેલાણી, દીનેશભાઈ સોલંકી તથા શ્રી જલારામ સેવા મંડળ, શ્રી જલારામ મંદિર મહીલા મંડળ, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ ના આગેવાનો એ જહેમત ઉઠાવી હતી. દર મહીના ની ૪ તારીખે આ કેમ્પ યોજાશે. કેમ્પ નો લાભ લેવા માટે એડવાન્સ બુકીંગ ની કોઈ આવશ્યતા નથી. કેમ્પ મા તપાસ માટે દર્દી નુ આધાર કાર્ડ સાથે રાખવુ અનિવાર્ય છે. વધુ માહીતી માટે શ્રી ગીરીશભાઈ ઘેલાણી-૯૮૨૫૦૮૨૪૬૮, નિર્મિતભાઈ કક્કડ-૯૯૯૮૮૮૦૫૮૮, હરીશભાઈ રાજા-૯૮૭૯૨૧૮૪૧૫, અનિલભાઈ સોમૈયા-૮૫૧૧૦૬૦૦૬૬ પર સંપર્ક કરવા સંસ્થાએ યાદી મા જણાવ્યુ છે.

# ઈન્ચાર્જ બાળ વિકાસ યોજના અધિકારી કોમલબેન ઠાકરની લાલીયાવાડી: આંગણવાડીની મુલાકાત લેવામાં ઉદાસીનતા

## મહિલા અને બાળ કલ્યાણ વિભાગ કમિશ્નર નો પરિપત્ર હોવા છતા નિયમોનો ઉલાળ્યો: રાજકોટ જિલ્લા પ્રોગ્રામ ઓફિસર પાસે થી માહિતી અધિકાર અધિનિયમ માહિતી માંગતા વિગતો જાણવા મળી છે

**મુખ્ય સમાચાર, નિલેષ સોલંકી**

**ઢાંક:** તારીખ ૨૮/૯/૨૦૧૮ નો કમિશ્નર મહિલા અને બાળ વિકાસ વિભાગ નો એક પરિપત્ર છે કે મુખ્યસેવીકા, બાળ વિકાસ યોજના અધિકારી, પ્રોગ્રામ ઓફિસર એ એક મહિના કુલ કેટલી આંગણવાડી મુલાકાત કરવી તે પરિપત્ર જાણે આ બાળ વિકાસ યોજના અધિકારી કોમલ બેન ઠાકર ને લાગુ નહીં પડતો હોય ?

સવારે મોડા ફરજ પર આવે છે અને સાંજે ટ્રેન મા પાંચ વાગે રાજકોટ પોતાની ઘરે પોતાની મરજી થી ચાલ્યા જાય એક બાજુ રાજકોટ જિલ્લા પ્રોગ્રામ ઓફિસર સાંજે ફરજ ના સમય થી વધારે સમય સુધી કચેરી અવારનવાર કાર્યરત રાખી ને કામગીરી કરતા હોય તો શુ આ બાળ વિકાસ યોજના અધિકારી સરકારી પબ્લિક ફંડ પગાર મેળવતિ હોવા છતા ને સમય ના નિયમો લાગુ નહીં પડતા હોય ? અગાઉ પણ આ બાળ વિકાસ યોજના અધિકારી એ પોતાની સતા નો દૂર ઉપયોગ કરી અને કરાવી ને ત્રણ આંગણવાડી કાર્યકરો ના કબૂલાત નામાં લખાવી નોકરી સમાપ્ત કરેલ છે જેની હાલ




કોર્ટ મા આ બાબત ચાલુ છે તેવું સૂત્રો જણાવી રહ્યા છે.

આ બાળ વિકાસ યોજના અધિકારી હાલ જામકંડોરણા તાલુકામાં આંગણવાડી ભરતી પ્રક્રિયા મા પણ ખોટી કાર્યવાહી કરેલ હોય તેવી ઉચ્ચકક્ષાએ લેખિત ફરિયાદો પણ થઈ આવી છે.રાજકોટ જિલ્લા પ્રોગ્રામ રાજકોટ જિલ્લા ના તમામ ઘટક ના બાળ વિકાસ યોજના અધિકારી ના લોકેશન મંગાવી ને મોનીટરીંગ કરે છે છતા રોજ કેમ પાંચ વાગે ટ્રેન મા ફરજ ના સમયે ઘરે ચાલ્યા જાય છે છતા રાજકોટ જિલ્લા પ્રોગ્રામ ઓફિસર કેમ કોઈ કાર્યવાહી કરતા નથી તે મોટો પ્રશ્ન છે?

આ બાળ વિકાસ યોજના અધિકારી એ દ્વારા ફરજ મા ચાલતી લાલિયાવાડી અંગે લેખિત રજૂઆત પણ રાજકોટ જોન વિભાગીય નાયબ નિયામક પૂર્વી બેન પંચાલ સુધી થયેલ છે અને તેમાં જાણવા મળ્યું છે તે મુજબ તે લેખીત રજુઆત ની તપાસ માટે સબંધિત અધિકારી ને યોગ્ય કરવા તબદીલ કરેલ હોવા છતા કોઈ કાર્યવાહી થયેલ હોય તેવું જાણવા મળેલ નથી. જાણવા મળેલ મુજબ કે ગોંડલ ૨ જામકંડોરણા તાલુકાના અમુક ગામ ની અમુક આંગણવાડી ઓ આજ દિન સુધીમાં આ બાળ વિકાસ યોજના અધિકારી એ બિલકુલ મુલાકાત કરેલ કે જોઈ પણ નથી ક્યાં આવી છે !

થોડાક મહિના પેલા જામકંડોરણા તાલુકામાં આઇ.સી.ડી.એસ ઘટક ના મુખ્યસેવીકા ના પગાર પણ ટાઈમસર થયેલા નહોતા તેવું વારંવાર બનેલ છે . જાણે કે આ બાળ વિકાસ યોજના અધિકારી ને કોઈ નિયમો, પરિપત્રો, ફરજ ની સમય મર્યાદા કે કોઈ બીજી બાબતો નિયમો લાગુ ના પડતા હોય તેમ કામગીરી કરી રહ્યા છે અને કરાવી રહ્યા છે છતા રાજકોટ જિલ્લા પ્રોગ્રામ ઓફિસર ના આશિર્વાદ છે?

આ અંગે રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી શ્રી અજાણ હોય શકે બાકી આવી રીતે ચાલે નહીં.

# પંચનાથ પ્લોટમાં અન્ય ધર્મના વ્યક્તિને મકાનનું વેંચાણ ન કરવા અંગે લતાવાસીઓએ આપ્યું આવેદન


(તસ્વીરઃ આનંદ જાવિયા)

શહેરના પંચનાથ પ્લોટ શેરી નં.૧૬ના રહેવાસીઓએ આજે કલેકટરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે, તેઓની શેરીમાં મગનભાઈ પટેલ નામની વ્યક્તિ રહે છે. તેઓએ તેમનું મકાન વ્હોરા જ્ઞાતિના ઈસમને વેંચાણ કરવા માટે સોદો કરેલ છે. આ પંચનાથ પ્લોટ વિસ્તારની શેરી નં.૧૬માં તમામ લોકો હિંદુ જ્ઞાતિના વસવાટ કરી રહ્યા છે. તેઓ અન્ય સમુદાયના લોકો અહિં વસવાટ કરશે તો મિલક્તના ભાવો ઘટવા સાથે અન્ય ધર્મનું વર્ચસ્વ વધી જશે. આ અંગે સુલેહશાંતિ જળવાય રહે તે હેતુ થી મગભાઈ પટેલ નામની વ્યક્તિને તેમનું મકાન અન્ય સમુદાયના કે ધર્મનો વ્યક્તિને વેંચાણ ન કરવા રહેવાસીઓએ જણાવ્યું હતું.

# GMERSની મેડિકલ કોલેજોમાં કરાયેલો ફી વધારો પાછો ખેંચવા માંગઃ રાજકોટમાં વિદ્યાર્થીઓ અને વાલીઓએ પ્લે કાર્ડ બતાવી કરી નારેબાજી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત રાજયભરમાં GMERS કોલેજોમાં તબિબ બનવા માટેની ફીમાં અસહ્ય વધારો કરવામાં આવતા આજે રાજકોટમાં મેડિકલના વિદ્યાર્થીઓ અને વાલીઓ બહુમાળી ભવન ચોક ખાતે એકઠા થયા હતા. જ્યાં ફી વધારો પાછો ખેંચો, અમારે ડોક્ટર કઈ રીતે બનવું તે પ્રકારની નારેબાજી સાથે પ્લે કાર્ડ બતાવી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ગવર્મેન્ટ ક્વોટામાં ૬૬ ટકા તો મેનેજમેન્ટ ક્વોટાની ફીમાં ૮૮ ટકાનો વધારો કરવામાં આવતા આગામી સમયમા ઋદ્બખઊિઇજ્જની વડી કચેરી ખાતે રજૂઆત બાદ પણ ફીમાં ઘટાડો કરવામાં નહીં આવે તો વિદ્યાર્થીઓ અને વાલીઓ કોર્ટમાં જશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.


(તસ્વીરઃ આનંદ જાવિયા)

વાલી પારસ આસરે જણાવ્યું હતું વિદ્યાર્થીઓ પણ તબીબ બની શકે તે માટે GMERSની રચના કરવામાં આવી છે. જેમાં મેડિકલ ફીમાં રાતોરાત વધારો કરી દેવામાં આવ્યો છે. ગવર્મેન્ટ ક્વોટાની ફી રૂ. ૩.૫૦ લાખથી વધારી રૂ. ૫.૫૦ લાખ કરી દેવામાં આવી. આ સાથે જ મેનેજમેન્ટ ક્વોટાની ફી રૂ. ૯,૦૭,૫૦૦ હતી, જે વધારીને રૂ. ૧૭ લાખ કરી નાખવામાં આવી છે, જે મુજબ વાત કરીએ તો ગવર્મેન્ટ ક્વોટામાં ૬૬ ટકાનો વધારો થયો છે, જ્યારે મેનેજમેન્ટ ક્વોટામાં ૮૮ ટકાનો વધારો કરી દેવામાં આવ્યો છે. જે સામાન્ય પબ્લિકને પરવડે તેમ નથી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારને અમારી વિનંતી છે કે, GMERSમાં મેડિકલના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવેલા ફી વધારાને વાલીઓને રાહત આપવામાં આવે. આટલી બધી ફીમાં સામાન્ય આર્થિક પરિસ્થિતિ ધરાવતા પરિવારજનોના સંતાનો ભવિષ્યમાં તબીબ બની નહીં શકે. રાજકોટમાંથી ૧૧,૦૦૦ વિદ્યાર્થીએ ગઊઊઝની પરીક્ષા આપી હતી. જેમાં ૭૨૦માંથી ૬૦૦થી વધુ માર્કસ આવ્યા હોય તેઓને ગવર્મેન્ટ ક્વોટા તો ૫૫૦ કે તેથી વધુ માર્કસ આવ્યા હોય તેઓને મેનેજમેન્ટ ક્વોટામાં એડમિશન મળે. ગાંધીનગરમાં ઋદ્બખઊિઇજ્જની મુખ્ય કચેરી ખાતે આગામી મંગળવારે વાલી મંડળ રજૂઆત કરશે. જેમાં પણ કોઈ નિરાકરણ નહીં આવે તો ભવિષ્યમાં કોર્ટમાં જવું પડે તો તેના માટે પણ અમે તૈયાર છીએ.

જ્યારે વિદ્યાર્થિની રિતિકા પટેલે જણાવ્યું હતું કે, GMERS કોલેજમાં જે ફી વધારો થયો છે તે ડબલ છે. અમે ૨ વર્ષથી NEET પરીક્ષાની તૈયારી કરી પાસ થયા. હવે ફીમાં પધારો કરવામાં આવ્યો છે અને ગવર્મેન્ટ ક્વોટાની સીટ મેનેજમેન્ટ ક્વોટામાં કરી નાખવામાં આવી છે. ગવર્મેન્ટ ક્વોટામાં રૂ. ૩૦ લાખ તો મેનેજમેન્ટ ક્વોટામાં રૂ. ૮૦ લાખ થાય છે. તમામને આટલી ફી પોસાય તેમ નથી તો અમે મહેનત કરી તેનું શું? આટલી ફી માં અમારે ડોક્ટર કઈ રીતે બનવું તે સમસ્યા છે.

# અગ્નિકાંડમાં સંડોવાયેલા અધિકારીઓ અને પદાધિકારીઓની તપાસ ઈડી તથા સીબીઆઈને સોંપો : આમ આદમી પાર્ટી

ગત તા.૨૫ મેના શહેરના ટીઆરપી ગેમઝોનમાં બનેલા અગ્નિકાંડમાં ૨૭ નિર્દોષ લોકો મોતના મુખમાં હોમાયા હતા. તેઓને ન્યાય અપાવવા જવાબદાર અધિકારીઓ વિરુધ્ધ પગલા લેવાયા છે. પરંતુ આ અધિકારીઓ એકલા જવાબદાર નથી તેઓ પાસેથી મળેલી અપ્રમાણસર મિલક્ત અન્યના સહકારથી જ એકઠી કરાઈ છે. આ અંગે રાજકોટ આમ આદમી પાર્ટી ારા રાજ્યપાલને પત્ર લખી જણાવાયુ છે કે, આ અગ્નિકાંડમાં સંડોવાયેલા ટોચના અધિકારીઓ અને પદાધિકારીઓની તપાસ ઈડી અને સીબીઆઈને સોંપવામાં આવે.


(તસ્વીરઃ આનંદ જાવિયા)

# અગ્નિકાંડની ભયાનક દુર્ઘટના બાદ ફાયર બ્રિગ્રેડની ત્રુટીઓ અંગે કેમ પગલા ન ભરાયા

## રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા મ્યુનિસિપલ કમિશનરને અપાયું આવેદન

રાજકોટના ટીઆરપી ગેમઝોનનો ભયાનક અગ્નિકાંડ સર્જાયા બાદ ફાયર બ્રિગ્રેડ શાખામાં અનેક ત્રુટીઓલ હોવા છતા કેમ પગલા ભરાયા નહિં આ અંગે આજે શહેર કોંગ્રેસના પ્રમુખ અતુલભાઈ રાજાણી સહિતના આગેવાનોએ મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપીને જણાવ્યું હતું કે તેઓ દ્વારા મનપાની ટાઉન પ્લાનિંગ બ્રાંચના સ્ટાફની સામુહિક બદલી કરવામાં આવી હતી. પરંતુ મનપાની ફાયર બ્રિગ્રેડ શાખામાં છેલ્લા દસ વર્ષથી સામુહિક બદલી થઈ નથી. જેને કારણે કર્મચારીઓ પેધી ગયા છે. વધુમાં આ સિવાય પણ અનેક ખામીઓ ફાયર બ્રિગેડ શાખામાં હોય વહેલી તકે આ


(તસ્વીરઃ આનંદ જાવિયા)

શાખાના સ્ટાફની બદલી કરવી જરૂરી છે. જો આમ નહિં કરાઈ તો રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારના શહેરી વિભાગ અને ગુજરાત હાઈકોર્ટના દરવાજા ખટખટાવાશે.

# રાજકોટ યાર્ડના ચેરમેન તરીકે ફરી જયેશ બોઘરાની વરણીઃ વાઈસ ચેરમેન તરીકે વિજય કોરાટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ બેડી માર્કેટિંગ યાર્ડના ચેરમેન અને વાઇસ ચેરમેન પદ માટે ચૂંટણી યોજવામાં આવી હતી. આ ચૂંટણીમાં જયેશ બોઘરાને માર્કેટિંગ યાર્ડના ચેરમેન તરીકે રિપીટ કરવામાં આવ્યા છે. જ્યારે વાઇસ ચેરમેન તરીકે વિજય કોરાટની નિયુક્તિ કરવામાં આવી છે.

રાજકોટનું બેડી માર્કેટિંગ યાર્ડ સૌરાષ્ટ્રનું સૌથી મોટું માર્કેટિંગ યાર્ડ છે અને રાજ્યમાં ત્રીજું સ્થાન ધરાવે છે. રાજકીય રીતે સહકારી ક્ષેત્રના રાજકારણમાં બેડી માર્કેટિંગ યાર્ડ મહત્વનું માનવામાં આવે છે.એક સમયે એવું માનવામાં આવતું હતું કે, આ વખતની બેડી માર્કેટિંગ યાર્ડની ચેરમેન પદની ચૂંટણી રસપ્રદ રહેશે પરંતુ રાજકોટ બેડી માર્કેટિંગ યાર્ડમાં ફરીએકવાર જયેશ રાદડિયા જૂથનો દબદબો જોવા મળ્યો છે.

આજે સહકારી આગેવાન નરેન્દ્રસિંહ જાડેજા મેન્ડેટ લઇને આવ્યા હતા. ભાજપ દ્વારા બેડી માર્કેટિંગ યાર્ડના ચેરમેન તરીકે જયેશ બોઘરાના નામનું મેન્ડેટ આપ્યું હતું.આજે યોજાયેલી ચૂંટણીમાં ઉપસ્થિત રહેલા પદાધિકારીઓ દ્વારા સર્વાનુમતે ચેરમેન પદ માટે જયેશ બોઘરાના નામને સમર્થન આપ્યું હતું. જ્યારે વાઇસ ચેરમેન તરીકે વિજય કોરાટના નામની જાહેરાત કરવામાં આવી હતી.


(તસ્વીરઃ આનંદ જાવિયા)

# રાજનગર ચોકમાં રેડ એફએમના સંયોગથી ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમ યોજાયો



શહેરમાં ટ્રાફિક નિયમન અંગે જાગૃતિ આવે તે માટે ટ્રાફિક પોલીસ ારા અલગ-અલગ વિસ્તારોમાં ટ્રાફિક જાગૃતિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રાફિક ડીસીપી પુજા યાદવની સુચનાથી ટ્રાફિક પીઆઈ એમ્.જે.વાસવા પીઆઈ રજીયા પીએસઆઈ રાણા, પીએસઆઈ ડી.ટી.સુમેરા, પરમાર તથા પારધી સહિતના સ્ટાફે રાજનગર ચોક કટારીયા ચોકડી તથા બેડી ચોકડી ખાતે વાહન ચેકિંગની સાથે સાથે રેડ એફએમના સંયોગથી આર.જે.જયભાઈ તથા ધવલભાઈ ારા ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ઉપરાંત હેલ્મેટ ડ્રાઈવમાં કટારિયા ચોકડી પાસે ૧૧૬ કેસ કરી ૭૪૫૦૦નો દંડ કરવામાં આવ્યો હતો જ્યારે બેડી ચોકડી પાસે ૨૫૩ કેસ કરી એક લાખ ૧૭ હજારનો દંડ વસુલ કરાયો હતો.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ તરીકે પ્રોફે. કમલસિંહ ડોડીયાએ ચાર્જ સંભાળ્યો

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે કાર્ય કરવાની પ્રાથમિકતા : કુલપતિ પ્રોફે. કમલસિંહ ડોડીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિશ્રી તરીકે ચાર્જ સંભાળતા પ્રોફે. કમલસિંહ ડોડીયાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ માટે કાર્ય કરવાની પ્રાથમિકતા રહેશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને ઉચ્ચકક્ષાએ લઈ જવા માટે પ્રયત્ન રહેશે.

કુલપતિશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે કાર્ય કરવાની પ્રાથમિકતા રહેશે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિવિધ સ્ટેક હોલ્ડર્સ જેવા કે વિદ્યાર્થીઓ, શિક્ષકો, કોલેજ મેનેજમેન્ટ, કર્મયોગીઓ, સમાજ અને રાજ્ય સરકારશ્રી વચ્ચે સંતુલન રાખવાની પ્રાથમિકતા રહેશે.


(તસ્વીરઃ આનંદ જાવિયા)

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટ, એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ, ભવનોના અધ્યક્ષશ્રીઓ, વિવિધક્ષેત્રના પ્રબુધ્ધ નાગરીકો, સમાજ શ્રેષ્ઠીઓ તથા શૈક્ષણીક-બિનશૈક્ષણીક કર્મચારીઓએ કુલપતિશ્રી પ્રોફે. કમલસિંહ ડોડીયાને શુભેચ્છાઓ પાઠવી હતી.

# જામનગરમાં દારૂના જથ્થા સાથે ૩ ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસખ ડેલુએ જિલ્લામાં પ્રોહી જુગાર સદંતર બંધ કરવા સુચના કરવામાં આવેલ હોય તથા નાયબ પોલીસ અધિક્ષક આર.બી.દેવધા તથા સર્કલ પો.ઇન્સ . વી.એસ.પટેલના સિધા માર્ગદર્શક હેઠળ સિક્કા પો.સ્ટે . વિસ્તારમાં દારૂ જુગારના વધુ ને વધુ કેસો શોધી કાઢવા સુચનાઓ આપવામાં આવેલ.હોય ઉપરોક્ત સુચના અને માર્ગદર્શન હેઠળ આજરોજ સિક્કા પોલીસ સ્ટેશનના પો.સબ.ઇન્સ. આર.એચ.બારની સુચનાથી પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન પો.કોન્સ . જીતેન્દ્રભાઇ કાંતીભાઇ પરમાર તથા ભુપેન્દ્રસિંહ મહિપતસિંહ જાડેજા. જયપાલભાઇ ડાયાભાઇ મેર. કુષ્ણપાલસિંહ કરણસિંહ જાડેજા નાઓને સંયુક્ત ખાનગી રાહે ચોક્કસ બાતમી હકીક્ત મળેલ કે નાનીખાવડી થી મુંગણી ગામ તરફ જતા રસ્તામાં બાવળની ઝાળી પાસે ખુલ્લા મેદાનમાં લખમણ ઉર્ફે લખો નારણભાઇ સિંધવ રહે સિક્કા તા.જી.જામનગર વાળો ઇંગ્લીશ દારુ મગાવી ને કટીંગ કરે છે . તેવી ખાનગી રાહે હકીક્ત મળેલ હોય જેથી સદર જગ્યાએ રેડ કરતા ભારતીય બનાવટની વિદેશી દારુ ની અલગ અલગ બ્રાડ ની કુલ બોટલ નંગ -૧૪૧ કી.રુ.૭૦,૫૦૦ તથા ચપટા ફુલ નંગ ૧૩૮ કી.રુ



.૧૩,૮૦૦ એમ કુલ ઇંગ્લીશ દારુ નો મુદામાલ કિ.રુ. ૮૪,૩૦૦ બ્રેજા કાર રજી.નં- જી.જે .૦૨ - ડીએ -૯૬૩૧ વાળી સાથે હેરા - ફેરી દરમ્યાન મોબાઇલ ફોન નંગ -૨ કી.રુ ૮૫૦૦ તથા બ્રેઝા કાર રજી.નં - જી.જે .૦૨ - ડીએ - ૯૬૩૧ ની કિ.રુ.૫,૦૦,૦૦૦ એમ કુલ મુદામાલ કિ.રૂ .૫,૯૨,૮૦૦ નો રેઇડ દરમ્યાન નીચે જનાવેલ આરોપીઓને પકડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ . પકડાયેલ આરોપીઓ જયેન્દ્રસીંહ ઉર્ફે બકુલસિંહ રાજેન્દ્રસીંહ ઝાલા રહે - કટોસણ ધનપુરા જેઠાભા નો માઢ , ઇજપુરા ભાગદાર બસ સ્ટેશન ની બાજુમાં તા.જોટાણા જી.મહેસાણા કરણસીંહ ઉર્ફે પિન્ટુ કનુભા ઝાલા કે.કે. રહે- કટોસણ ધનપુરા હીરાભા નો માઢ , રાણીપુરા ભાગદાર બસ સ્ટેશન ની બાજુમાં તા.જોટાણા જી.મહેસાણા લક્ષ્મણ ઉર્ફે લખો નારણભાઇ સિંધવ રહે- સી.એચ.સી.આરોગ્ય કેન્દ્ર ની બાજુમાં મકાન નં.૬ સિક્કા તા.જી. જામનગર કબ્જે કરેલ મદામાલ ગ્રીન લેબલ એક્સપોર્ટ સ્પેશ્યલ વ્હિસ્કી ૭૫૦ એમ.એલ ની બોટલ નગં -૭૦ કી.રૂ.૩૫,૦૦૦ વાઈટ લેક વોડકા ઓરેંજ ફ્લેવર ૭૫૦ ખક ની નંગ ૪૭ કી.રૂ.૨૩૫૦૦ ઓફીસર્સ ચોયસ કલાસીક વ્હિસ્કી ૭૫૦ એમ.એલ ૪૨.૮ % વી.વી. ફોર સેલ ઇન રાજસ્થાન ઓન્લી નંગ ૨૪ કી.રુ.૧૨૦૦૦ વાઈટ લેક વોડકા ઓરેંજ ફ્લેવર ૧૮૦ ખક , ૪૨.૮ % ટટ ચપટા ફુલ નંગ ૧૩૮ કી.રુ.૧૩૮૦૦ બ્રેજા કાર રજી.નં જી.જે .૦૨ - ડીએ - ૯૬૩૧ કી.રૂ. ૫,૦૦,૦૦૦.પાંચ લાખ.એમ કુલ મુદ્દામાલ રૂ ૫,૯૨,૮૦૦નો મદામાલ કામગીરી કરનાર ટીમ પો.સબ.ઇન્સ. આર.એચ.બાર સાહેબ તથા પો.હેડ.કોન્સ . ચંદ્રકાંતભાઇ દામજીભાઇ ગાંભવા તથા પો.કોન્સ.કૃષ્ણપાલસિંહ કરણસિંહ જાડેજા તથા પો.કોન્સ.જીતેન્દ્રભાઇ કાંતીભાઇ પરમાર તથા પો.કોન્સ.ભુપેંદ્રસિંહ મહીપતસિંહ જાડેજા તથા પો.કોન્સ . જયપાલભાઇ ડાહ્યાભાઇ મેર તથા પો.કોન્સ સંકેતભાઇ ગીરીશભાઇ ભાડલા તથા બાબુભાઇ ગોપાલભાઇ ઝાલા તથા હરદેવસિંહ નવલસિંહ જાડેજા દ્વારા કરવામાં આવેલ છે.

# બાબરાના ખાખરિયા ગામે સીમ વિસ્તારમાં ઉભી કરાયેલી પવનચક્કી થઈ જમીનદોસ્ત



**મુખ્ય સમાચાર, આદીલખાન પઠાણ**

**બાબરાઃ** બાબરા તાલુકાના ખાખરિયા ગામે બન્યો બનાવ જ્યાં બે થી ત્રણ મહિના પહેલા અયાના કંપની દ્વારા પવનચક્કી ઉભી કરવામાં આવી હતી ત્યારે વહેલી સવારે પવનચક્કીનું ટ્રાયલો હોય અને ટ્રાયલ કરવા જતા બન્યો હતો બનાવ મળતી માહિતી અનુસાર ભારે પવન ઝડપ આવતા બનાવ બન્યો હોવાની ચર્ચા થઈ રહી છે. ત્યારે આખી પવનચક્કી વચ્ચેથી બટકી જતાં કંપનીને કરોડો રૂપિયાનું નુકસાન, પવનચક્કી જમીનદોસ્ત થતાં મોટી જાનહાની ટળી મંજુર સહિત આસપાસના ખેતરોમાં કામ કરતાં ખેડૂતોનો ચમત્કારી બચાવ થયો....

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રૂા.૨.૫૦ લાખની લાંચ લેતા ઝડપાયેલા રાજકોટ સેન્ટ્રલ જી.એસ.ટી.ના ઈન્સ્પેકટરે રાત લોકઅપમાં વિતાવી

## ખાનગી કંપનીના માલિકોને ધમકાવી ઈન્સ્પેકટર લાંચ માંગતોઃ રકમ ન આપે તો જી.એસ.ટી. નંબર રદ કરવાની ધમકી આપતોઃ સીબીઆઈએ રંગે હાથ ઝડપી લીધો

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજકોટ સેન્ટ્રલ જીએસટીના ઈન્સપેક્ટર ઓફિસમાં જ લાંચની રકમ લેતા ઝડપાઈ ગયા હતા. ખાનગી કંપનીના માલિકો પાસે રૂપિયા ૨.૫૦ લાખની લાંચની માગણી કરીને ઓફિસમાં જ લાંચ લેતા સીબીઆઇના અધિકારીઓએ રંગેહાથ ઝડપી લીધા હતા. સીબીઆઈએ સીજીએસટી ઈન્સપેક્ટર નવીન ધાનકરની ધરપકડ કરી છે.

સીબીઆઈને ખાનગી કંપનીના માલિકે લેખિતમાં ફરિયાદ આપી હતી રાજકોટ સીજીએસટી ઓફિસના ઈન્સપેક્ટર દ્વારા લાંચની માગણી કરાઈ છે. ત્યાર બાદ સીબીઆઈએ કોલ રેકોડીગની ડિટેઈલ મેળવીને ફરિયાદીને લાંચની રકમ ૨.૫૦ લાખ સાથે લાંચિયા અધિકારી પાસે મોકલ્યા હતા. લાંચની રકમ સ્વીકારતા ઈન્સપેક્ટર નવીને ધાનકર રંગહાથ ઝડપાઈ ગયા હતા. સીઆઈએ ઓફિસ અને રહેઠાણે સર્ચ કરીને રોકડ રકમ જપત કરી છે. બેન્કની પાસબુક પણ જપ્ત કરી છે. લાંચની રકમમાંથી વસાવેલી બેનામી મિલકતોની તપાસ ચાલી રહી છે ત્યાર બાદ આવક કરતા વધુ સંપત્તિનો કેસ દાખલ કરવામા આવશે.લાંચિયા અધિકારી નવીને ખાનગી કંપનીના માલિકોને ધમકી આપી હતી કે, તમે ધંધો ખોટી રીતે કરી રહ્યા છે. જો તમારે આ જ પ્રકારે ધંધો કરવા હોય તો લાંચની રકમ એટલે કે હપ્તો આપવો પડશે. જો હપ્તો નહિ આપવામા આવે તો તમારૂ જીએસટી નંબર કેન્સલ કરાવી દઈશે. જીએસટી નંબર કેન્સલ કરવાની ધમકી મળતા કંપનીના માલિકો લાંચ રકમ આપવા તૈયાર થઈ ગયા હતા. ઈન્સપેક્ટરની સાથે અન્ય લાંચિયા અધિકારીઓના નામો પણ મળ્યા છે. રાજકોટ સીજીએસટી કચેરીના કેટલાય અધિકારીઓ ધમકી આપીને નાણા પડાવી રહ્યા છે.

# શહેરમાં રથયાત્રા પૂર્વે પોલીસ એકશનમાંઃ સઘન પેટ્રોલીંગ, વાહન ચેકીંગ તેજ બનાવાયુ

## સંવેદનશીલ વિસ્તારમાં રાત્રે પેટ્રોલીંગ દરમ્યાન છ પીધેલા ઝડપાયાઃ 300થી વધુ વાહનો ચેક કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રથયાત્રાને હવે ગણતરીના દિવસો જ બાકી છે. ત્યારે શહેર પોલીસે સુરક્ષા માટે અનેક પગલા રહી છે. અમદાવાદમાં ભગવાન જગન્નાથની ૧૪૭મી રથયાત્રામાં સુરક્ષા અંગે પોલીસ ચાંપતા પગલા લઈ રહી છે. ત્યારે ડીજીપી વિકાસ સહાય દ્વારા તમામ જિલ્લાના પોલીસ વડાને નાઈટ કોમ્બિનગ, વાહન ચેકીંગ તેમજ સંવેદનશીલ વિસ્તારમાં ચેકીંગ હાથ ધરવા સૂચના આપી છે. રાજકોટ શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા નીકળવાની છે.



ભગવાન જગન્નાથજીની રથયાત્રા શાંતિપૂર્ણ રીતે યોજાઈ તે હેતુસર રાજકોટ શહેર પોલીસ દ્વારા રથયાત્રાના રૂટ પર રાજકોટ પોલીસ સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. ત્યારે રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રિજેશકુમાર ઝાના આદેશ અને જોઈન્ટ પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયાના માર્ગદર્શન હેઠળ ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહિલની રાહબરી હેઠળ સ્થાનિક પોલીસ મથકનો સ્ટાફ રોડ પર ઉતરી આવ્યો હતો. અલગ અલગ પોલીસ મથકના સ્ટાફે તેમના વિસ્તારોમાં વાહન ચેકીંગ ઝુંબેશ હાથ ધરી હતી. જેમાં બ્લેક ફિલ્મ, નંબર પ્લેટ વગરના કે ફેન્સી નંબર પ્લેટ વાળા વાહનોનું સઘન ચેકીંગ કરવામાં આવી રહ્યું છે. ત્યારે શહેર પોલીસે કારખાનેદાર સહિત છ વ્યક્તિને પીધેલી હાલતમાં ઝડપી લીધા હતાં. તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં પણ પોલીસ દ્વારા નાઈટ કોમ્બિંગ કરવામાં આવી રહ્યું છે. તેમજ પોલીસ ચોપડે ચડી ચૂકેલા રીઢા ગુનેગારો અને ટપોરીઓને પણ ચેક કરવા અને તેમની ગતિવિધિઓ પર નજર રાખવામાં આવી રહી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું છે. પ્ર.નગર પોલીસે બહુમાળી ભવન પાસે કુલ ૫૪ જેટલા વાહનો ચેકીંગ કર્યા હતા. જેમાંથી બ્લેક ફિલ્મ અને ડોક્યુમેન્ટ વગરના કુલ પાંચ વાહન ડિટેઇન કર્યા હતા. તેમજ છ વાહનોને ઈ મેમો આપી રૂ.૨૧૦૦નો દંડ વસુલયો હતો.

# માંડાડુંગર પાસે રઘુનંદન સોસાયટીમાં સેન્ટ્રીંગ કામ કરવા ગયેલા પ્રૌઢ લાપતા

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામાકાંઠે નવા થોરાળા વિસ્તારમાં આવેલ ન્યુ સર્વોદય સોસાયટી શેરી નં.૭માં રહેતા જયાબેન માવજીભાઈ પરમાર નામની મહિલાએ આજી ડેમ પોલીસમાં ફરિયાદ કરી છે કે, તેના પતિ માવજીભાઈ જેઠાભાઈ પરમાર ગઈ તા.૨૪/૬ના રોજ



આજીડેમ ચોકડી પાસે આવેલ માંડાડુંગર નજીક રઘુનંદન સોસાયટીમાં રહેતા સામજીભાઈ ડાભીના ઘરે સેન્ટ્રીંગ કામ કરવા ગયા બાદ ઘરે પરત નહિં આવી લાપતા થઈ જતા આજીડેમ પોલીસમાં ફરિયાદ કરી છે. બનાવના પગલે હેડ કોન્સ્ટેબલ પી.એ.ચિરોડિયાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# રાજકોટના બે શખ્સોએ વડોદરાના યુવાનને લગાવ્યો રૂા.૧૮ લાખનો ચુનો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના સંતોષનગર મેઈન રોડ પર રહેતો નિલીકકુમાર વિમલભાઈ ગાંધી કે જે પોતે ) કાફે ધરાવે છે તેણે અને દીપસિંહ નામના શખ્સે વડોદરાના યુવકને પોતાનો શિકાર ) બનાવ્યો હતો. આ બન્નેએ ફેસબુક પર શેયર માર્કેટ અંગેની જાહેરાત મુકી હતી જેના ઉપર ? ક્લિક કરીને વડોદરાનો યુવક વોટસએપ ( ગ્રુપમાં જોડાયો હતો. આ ગ્રુપમાં શેર ( બજારમાં રોકાણ અંગેની ટીપ્સ આપવામાં આવતી હતી. ત્યારબાદ આ બન્નેએ યુવક પાસે એસ.એસ.ઈક્વિટ્રેડ નામની એપ્લીકિશન ડાઉનલોડ કરાવી હતી જેમાં કે.વાય.સી. કરાવ્યા બાદ વોટસએપ મેસેજથી આઈપીઓ ખરીદવા આ એપ્લિકેશનમાં પૈસા જમા કરાવ્યા હતા. આ પછી એપ્લિકેશનમાં ( આઈપીઓ લાગી ગયાનું બતાવાયું હતું.



આ પેટે બન્નેએ યુવક પાસેથી (૧૮,૯૨,૨૧૨ રૂપિયા ભર્યો હતા જેના નફારૂપે એપ્લીકેશનમાં ૬૯,૧૧,૭૩૨ રૂપિયા ) બેલેન્સ બતાવતી હતી. જો કે આ રૂપિયા ) ઉપાડવા હોય તો ટેક્સ લાગશે તેમ કહી હાથ ઉંચા કરી દીધા હતા. આ પછી બન્નેનો સંપર્ક કરાતાં ફોન સ્વીચ ઓફ આવતો હોય છેતરાયાનો અહેસાસ થતાં યુવકે વડોદરા સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે દીપસિંહ યોગેશભાઈ રાઠોડ (ઉ.વ.૨૩, રહે. કૃષ્ણનગર મેઈન રોડ) તેમજ નિલીકકુમારની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોવિંદનગરમાં શાંતેશ્વર મહાદેવના મંદિરમાં ૨૦ હજારની મતાની ચોરી

## મંદિરના પટાંગણમાં આવેલા આઠ મંદિરની દાન પેટી ચોરી કરતા તસ્કરો સીસીટીવી કેમેરામાં કેદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા રોડ પર આવેલા ગોવિંદનગર-૬માં આવેલા શાતેશ્વર મહાદેવ મંદિરમાં ચોરીનો બનાવ બન્યો હતો. એક જ રાતમાં મંદિર પરિસરમાં આવેલ અલગ અલગ ૮ મંદિરોને નિશાન બનાવી તેની દાનપેટીમાંથી રોકડની ચોરી થયાનો બનાવ ભક્તિનગર પોલીસ મથકમાં નોંધાયો છે.સીસીટીવી કેમેરામાં મંદિરમાં ચોરી કરનાર તસ્કર કેદ થઈ ગયો હોય જેનું પગેરૂ અને ઓળખ મેળવવા માટે પોલીસે તપાસ શરૂ કરી છે.



આ અંગેની માહિતી મુજબ કોઠારીયા મેઈન રોડ પર મેઘાણીનગર શેરી નં.૧માં રહેતા અને કોઠારીયા રોડ પર ગોવિંદનગર શેરી નં.૬માં આવેલા શાતેશ્વર મહાદેવ મંદિરમાં સેવા પૂજા કરતાં લાભુભારતી દયાળભારતી ગૌસ્વામીએ આ બાબતે ભક્તિનગર પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ શરૂ કરી છે. કોઠારીયા રોડ પર ગોવિંદનગર શેરી નં.૬માં આવેલા શાતેશ્વર મહાદેવ મંદિરમાં સ્થાપીત અલગ અલગ આઠ મંદિરમાં ચોરી થઈ હતી. જેમાં ગણપતિ દાદાનું મંદિર, હનુમાનજીનું મંદિર, કાલીકા માતાનું મંદિર સહિત આઠ મંદિરમાં દાનપેટીમાંથી આશરે ૨૦ હજારની ચોરી થઈ હતી.

ચોરી કરનાર શખ્સ સીસીટીવીમાં કેદ થઈ ગયો હતો. ૨ જુલાઈની રાત્રીનાં બે વાગ્યાથી રાત્રિનાં પાંચ વાગ્યા દરમિયાન આ ચોરીની ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો.શાતેશ્વર મહાદેવ મંદિરની દિવાલ ટપી અંદર પ્રવેશેલા આ શખ્સે અલગ અલગ મંદિરોની દાન પેટી તોડી તેમાં રાખેલ રોકડ અંદાજે ૨૦ હજાર ચોરી ગયો હતો. ભક્તિનગર પોલીસના પીઆઈ મયુરધ્વજસિંહ સરવૈયા સહિતનો સ્ટાફ મંદિર ખાતે દોડી ગયો હતો અને આ મામલે સીસીટીવી ફુટેજના આધારે ચોરી કરનાર તસ્કરનું પગેરૂ મેળવવા અને ઓળખ મેળવવા માટે તપાસ શરૂ કરી છે.

# ઢેબર રોડ પર રહેતી ધો.૧૨ની છાત્રા બેભાન થઈ જતા મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં ઢેબર રોડ ઉપર આવેલ જય અંબે મેલડી માંના મંદિર પાછળ રહેતી અને ધો.૧૨માં અભ્યાસ કરતી યુવતીને રાત્રે માથાનો દુખાવો ઉપડયા બાદ સવારે ઉલ્ટી થયાના સાથે બેભાન હાલતમાં ઢળી પડતા મોત નીપજ્યું હતું. યુવતિના મોતથી પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ ઢેબર રોડ ઉપર આવેલ જય અંબે મેલડીમાંના મંદિર પાછળ રહેતી અને ધો.૧૨માં અભ્યાસ કરતી ક્રિષ્નાબેન દિલીપભાઈ મહેતા નામની ૧૮ વર્ષની યુવતી પોતાના ઘરે હતી ત્યારે માથાના દુખાવા સાથે ઉલ્ટી થતા બેભાન હાલતમાં ઢળી પડી હતી. યુવતીને બેભાન હાલતમાં તાત્કાલીક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ત્યાં યુવતીની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક ક્રિષ્નાબેન મહેતા એકના એક ભાઈની - એકલોતી મોટી બહેન હતી અને ધો.૧૨માં અભ્યાસ કરતી હતી. રાત્રીના સમયે તેણીને માથાનો દુખાવો ઉપડતા માથાના દુખાવાની ગોળી લીધી હતી. બાદમાં સવારે ઉડતાની સાથે યુવતીને ઉલ્ટી થયા બાદ બેભાન - હાલતમાં ઢળી પડતા મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# નવયુગપરામાં જુના ઝઘડાનો ખાર રાખી મહિલા પર હુમલો : સામસામે નોંધાઈ ફરિયાદ

**મુખ્ય સમાચાર રાજકોટ**

જિલ્લા ગાર્ડન પાસે આવેલ નવયુગપરામાં રહેતી સંગીતાબેન રવજીભાઈ મુછડિયા નામની મહિલાએ પાડોશમાં રહેતો ભરત ઉર્ફે બબ્બુ કેશુ વાઘેલા, નિરંજન ઉર્ફે અપુ, કિશોર વાઘેલા તથા રાહુલ કિશોર વિરુધ્ધ એ.ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, તેના માસીનો દિકરો જયદીપ ગુંદાવાડીમાં નાસ્તો લેવા ગયો હતો ત્યારે પ્રદિપ સાથે થઈ ઝઘડાનો ખાર રાખી યુવાનને મારમારતા આ બાબતે સમજાવા જતા ઉપરોક્ત શખ્સોએ હુમલો ર્ક્યાની ફરિયાદ નોંધાવી છે. જ્યારે સામાપક્ષે ભરત ઉર્ફે બબ્બુ કેશુ વાઘેલાએ પ્રદિપ રવજી મુછડિયા રવજી માવજી મુછડિયા પ્રેમજી માવજી મુછડિયા અને જયદિપ મોહન રાઠોડ વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, અગાઉનો જુના ઝઘડાનો ખાર રાખી ઈટ, પથ્થર, સોડાની ખાલી બોટલોના ઘા કરી મારમારી ઈજા કરી હોવાની વળતી ફરિયાદ નોંધાવતા એએસઆઈ કે.કે.માઢકએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# ગોકુલધામ કવાર્ટરમાં બાળકોને ઉઠાવવા આવ્યાની શંકાએ ત્રણ સાધુને લોકોએ ધોઈ નાંખ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**



ગોકુલધામ આવાસ ક્વાટરમાં ભિક્ષાવૃત્તિ કરવા નીકળેલા ત્રણ સાધુઓ બાળકો ઉઠાવવા આવ્યા હોવાના આક્ષેપ સાથે એકઠા થયેલા ટોળાએ ત્રણેય સાધુઓની ધોલાઈ કરતા મામલો પોલીસ સ્ટેશને પહોચ્યો હતો જો કે ત્યાં પ્રાથમિક તપાસમાં માત્ર ભિક્ષાવૃત્તિ જ કરતા હોવાનું જાણવા મળતા ત્રણેયની આકરી પુછતાછ કર્યા બાદ ત્રણેયને જવા દીધા હતા.રાજકોટના ગોકુલધામ આવાસ ક્વાટરમાં ત્રણ સાધુઓ ભિક્ષાવૃત્તિ કરવા નીકળ્યા હતા દરમિયાન એક બાળકને ચોકલેટ આપતા સ્થાનિક રહીસો આ સાધુઓ બાળકને ઉઠાવવા આવ્યા હોવાની શંકાએ લોકો એકઠા થઈ ગયા હતા અને ત્રણેયને સકંજામાં લઇ પુછતાછ કરતા પોતે ભિક્ષાવૃત્તિ જ કરવા આવ્યા હોવાનું જણાવવા છતાં રોષે ભરાયેલા ટોળાએ ત્રણેય સાથે ધોલધપાટ કરી હતી દરમિયાન ઘટના અંગે કોઈએ કંટ્રોલમાં જાણ કરી દેતા માલવિયાનગર પોલીસ મથકનો સ્ટાફ તુરંત ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ત્રણેય સાધુઓને પોલીસ સ્ટેશને લઇ જવામાં આવ્યાહતા ત્યાં પણ ત્રણેયે ભિક્ષાવૃત્તિ જ કરતા હોવાનું રટણ કરતા અને બાળકને ઉઠાવ્યો હોવાની વાતમાં કોઈ તથ્ય નહિ મળતા ત્રણેયને જવા દેવામાં આવ્યા હતા.

# રાજ્યના હથિયારધારી ૪૯ પીઆઈ અને ૫૫ પીએસઆઈની બદલીઓ

## રાજકોટ ઘંટેશ્વર જુથ ૧૩ના બે પીઆઈની બદલી સામે ચાર પીઆઈ અને બે પીએસઆઈની નિમણુંક કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યના ગૃહ વિભાગ દ્વારા રાજકોટ સહિત રાજ્યના હથિયારધારી ૪૯ અને ૫૫ પીએસઆઈ ની બદલી કરવામાં આવી છે જેમાં રાજકોટ ઘંટેશ્વર જૂથના જૂથ-૧૩ના બે પીઆઈની બદલી સામે ચાર પીઆઈ અને બે પીએસઆઈની નિમણૂક કરવામાં આવી છે.

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા રાજ્યના હથિયારધારી ૪૯ અને ૫૫ પીએસઆઈ બદલીનો હુકમ કરવામાં આવ્યા છે. જેમાં રાજકોટ ઘંટેશ્વર જૂથ-૧૩ના પીઆઈ વી.જી. અલાણી (વાળા)ને અમદાવાદ જૂથ-૨માં અને પીઅંઠે ડી.આર. વંશને ગીર સોમનાથ મૂકવામાં આવ્યા છે. જ્યારે તેની સામે મરીન ટાસ્ક ફોર્સના પીઆઈ આર.એન. ઝાલા, વિરમગામ જૂથ- ૨૦ના પીઆઈ બી.બી. પરમાર, પંચમહાલના પીઆઈ એમ.એ. કોટડીયા અને ઈન્ટેલિજન્સ પીઆઈ ડી.બી. પરમાર રાજકોટ ઘંટેશ્વર જૂથ-૧૩મા બદલી કરવામાં આવી છે. આ ઉપરાંત પાવડી જૂથ-૪માં પીએસઆઈ તરીકે ફરજ બજાવતા સંજયકુમાર શિવસિંહ બારીયાની રાજકોટ શહેરમાં અને ભચાઉ જૂથ- ૧૬ ના મહેન્દ્રસિંહ છત્રસિંહ ચૌહાણની ઘંટેશ્વર જૂથ-૧૩માં બદલી કરવામાં આવી છે.

# મોરબી રોડ પર ગણેશ પાર્કમાં યુવાનનો આર્થિક ભીંસથી કંટાળી આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં મોરબી રોડ ઉપર આવેલા ગણેશ પાર્કમાં રહેતા યુવાને દેવુ વધી જતા કપડા ધોવાનું લીક્વીટ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ મોરબી રોડ ઉપર આવેલા ગમેશ પાર્કમાં રહેતા સુમીત બકુલભાઈ સીતાપરા નામનો ૨૩ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે બપોરના અગિયાર વાગ્યાના આરસામાં કપડા ધોવાનું લીક્વીટ પી લીધું હતું. યુવકને ઝેરી અસર થતા તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં સુમિત સીતાપરા ત્રણ ભાઈ બે બહેનમાં નાનો અને અપરિણીત છે અને તેને સાડા પાંચ લાખ રૂપિયા વ્યાજે લીધા હતા. જે વ્યાજના વ્યાજ ચક્રમાં ફસાતા જવલનશીલ પ્રવાહી પી લીધુ હોવાનું જાણાવા મળ્યું છે. આ બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# લોધિકાના માખાવડ ગામે જુગાર રમતા પાંચ શખ્સોની ધરપકડ

## ધોરાજીના ફરેણી રોડ જાહેરમાં જુગાર રમતી છ મહિલાઓની અટકાયત

**મુખ્ય સમાચાર રાજકોટ**

લોધિકાના માખાવડ ગામે જુગાર રમતા પાંચ શખ્સો અને ધોરાજીના ફરેણી રોડ પર જાહેરમાં જુગાર રમતી છ મહિલાઓની પોલીસે ધરપકડ કરી છે.

આ અંગેની માહિતી મુજબ લોધિકા પોલીસ મથકના પીએસઆઈ કે.વી.પરમાર તથા હેડ કોન્સ્ટેબલ ગોપાલભાઈ ધાંધલ સહિતનો સ્ટાફ માખાવડ ગામે પેટ્રોલિંગમાં હતા ત્યારે જુની વાડી તરીકે ઓળખાતી સીમમાં જુગાર રમતો અજય ઉર્ફે અજો ગોરધન ભુવા, રમેશ માવજી અમીપરા, ગીરીશ જાદવ અમીપરા, ધર્મેશ માવજી ભુવા, ભાવેશ જાદવ અમીપરા, સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂ.૧૪૫૦૦ કબજે ર્ક્યા હતા.

જ્યારે બીજા બનાવમાં ધોરાજી સીટી પોલીસના પીએસઆઈ પી.કે.ગોહિલ તથા હેડ કોન્સ્ટેબલ એ.એચ.ગોહિલ સહિતના સ્ટાફે ફરેણી રોડ પર રેલ્વેના પુલ પાસે જાહેરમાં જુગાર રમતી જાગૃતિ રાહુલ ભીટ, સીલ્પા પ્રકાશ માંડવીયા, રૂપા ભરત સોડા, નયના મગન ઘેટીયા, અફશાના ઉર્ફે અપુડી ગરાણા, મોંઘી ઉકા સાંકેડ સહિત છ મહિલાઓની અટકાયત કરી રોકડા રૂપિયા તથા મોબાઈલ મળી કુલ રૂ.૪૫,૫૫૦નો મુદ્દામાલ કબજે ર્ક્યો છે.

# શેરબજારમાં રોકાણ કરવાના બહાને યુવાન સાથે થઈ રૂા.૯.૫૩ લાખની છેતરપિંડી

## મોટું રોકાણ કરવાથી વધુ પ્રોફીટ મેળવવાની લાલચે કોન્ટ્રકટર પાસેથી ઓનલાઈન નાણાં મંગાવી ગઠિયાઓએ ઠગાઈ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ઓનલાઈન છેતરપિંડીનાં બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે વધુ એક બનાવમાં કોન્ટ્રકટરને મોટું રોકાણ કરવાથી વધુ પ્રોફીટ મેળવવાની લાલચે રૂ.૯.૫૩ લાખ ગુમાવ્યા છે.

આ અંગેની માહિતી મુજબ શહેરના રાધેશ્યામ અંજલીપાર્કમાં રહેતા અને મકાન બાંધકામનું કામ કરી પરીવાર ગુજરાન ચલાવતા મયુરભાઈ ડોબરીયાએ પ્ર.નગર પોલીસમાં છેતરપિંડીની ફરીયાદ નોંધાવી છે કે સાઈડમાં શેર બજારમાં પૈસાનું રોકાણ કરવું જેથી ફેસબુકમાં શેરબજારમાં પૈસા કમાવવાની જાહેરાત જોતાં એક લીંક ઓપન થઈ હતી. ગત.તા.૨૦ના મોટો આઈપીઓ ભરવા માટે મેસેજ આવેલ તેમાં રૂ.૯.૫૩ લાખ ભરવાનું કહેતા રોકાણ માટે પંજાબ બેંકના ખાતામાંથી આરટીજીએસથી પૈસા ભર્યા હતા.બાદમાં સામેવાળાએ રૂપીયાનું કોઈ વળતર કે ભરેલ રકમ પરત ન કરતાં જેથી ફોડ થયાની જાણ થતાં સાયબર હેલ્પલાઈનમાં ફોન કરી ઓનલાઈન અરજી કરેલ હતી.બાદ માહીતી આવતા રૂપીયા કોટક મહિન્દ્રા બેંક ખાતા નં ૯૨૪૬૪ ૮૮૪૭૪માં જમાં થયેલ તે ખાતું સીમી ફેશન નામનું તેના કેવાયસી ચીંતુલ વિઠ્ઠલભાઈ ઈટાલીયા રહે સુરત વાળાના નામનું હોવાનું જાણવા મળ્યું છે.

આ કામે સોશ્યલ મીડીયા પ્લેટફોર્મમાં અપસ્ટોકની શેરબજારની જાહેરાત આવેલ જેમાં વોટ્સેપ નં ૯૯૮૫૫ ૬૦૯૯૩ આવેલ તેમાં અવાર નવાર વાતચીત કરીને અને મોટુ રોકાણ કરવાથી વધુ પ્રોફીટ મેળવાનું કહી આઈપીઓ ન ભરી પૈસા ઉપાડી લઈ છેતરપીડીં કર્યા હોવાની ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રૂા.૧૪.૯૫ લાખની કરચોરી મામલે રાજ્ય વેરા મહિલા અધિકારીને દંપતિએ આપી ધમકી

## બહુમાળી ભવનમાં આવેલ રાજ્ય વેરા કમિશનર કચેરીએ દંપતિએ હોબાળો મચાવી ખોટી ફરિયાદની ધમકી આપતા પ્ર.નગર પોલીસમાં ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બહુમાળી ભવનમાં આવેલી રાજયવેરા કચેરીમાં ફરજ બજાવતા ગર્ભવતી મહિલા અધિકારી પર મોબાઈલના ધંધાર્થી દંપતિએ અગાઉ થયેલ કરચોરીના દરોડાનો ખાર રાખી અવારનવાર મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ શ્રોફ રોડ પર ગવર્મેન્ટ કવાર્ટરમાં રહેતા પ્રિયંકાબા વિક્રમસિંહ જાડેજાએ પ્ર.નગર પોલીસમાં આરોપી તરીકે જીગર અનડકટ અને તેની પત્ની જીજ્ઞાબેન સામે ફરીયાદ નોંધાવી છે કે તેઓ બહુમાળી ભવનમાં આવેલ સંયુક્ત રાજ્ય વેરા કમિશ્નરની કચેરીમાં રાજયવેરા અધિકારી તરીકે નવ માસથી ફરજ બજાવે છે અને હાલ તે ગર્ભવતી છે.અગાઉ નાયબ રાજયવેરા કમિશ્નર વિભાગ-૧૦માં ફરજ બજાવતા હતા ત્યારે અમીનમાર્ગ, ગુજરાત હાઉસીંગ બોર્ડ નજીક જય એન્ટરપ્રાઈઝ નામની મોબાઈલની દુકાન ધરાવતા જીગર અનડકટની દુકાનમાં જીએસટી નંબર ના હોય અને ત્યાં જીએસટી ચોરીને લગતી તપાસમાં ગયા હતા.

જેમાં તપાસ દરમ્યાન રૂા.૧૪.૯૫ લાખની કરચોરી ધ્યાને આવી હતી. તે સમયે આરોપીની આર્થિક પરીસ્થિતિ નબળી હોય જેથી પોતે કરચોરીની રકમ હપ્તે હપ્તે ભરી આપશે જેવી બાંહેધરી આપી હતી. તેમના દ્વારા રૂા.૪.૯૫ લાખ વેરો તથા દંડ જીએસટી વિભાગમાં ૨૩/૧૦/ ૨૩ના ભરપાઈ કરવામાં આવ્યો છે તેમજ બાકીની રકમ ભરપાઈ કરવામાં આવતી ન હોય જેથી તેમને રકમ ભરવા માટે પણ કીધું હતું. ગત તા.૩૦/૪ના બપોરે ઓફિસમાં બેઠા હતા.ત્યારે આરોપી દંપતિ ધસી આવ્યું અને જીએસટી ચોરી પકડેલ રકમ શૂન્ય કરાવી આપો નહીતર તમને ખોટી ફરિયાદ કરીને સંડોવી દેશુ અને અમારી એસીબી કચેરીમાં ઓળખાણ છે. કહી દંપતી જતું રહ્યું હતું. બાદ ગત તા.૧૧/૬ના દંપતિએ ફરી ઓફિસે આવી મારા ફોન કેમ નથી ઊપડતાં કહી ગાળો આપી મહિલા અધિકારીને ધક્કો મારી નીચે પછાડી દઈ મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.